# જીવનનો ઉત્તરાર્ધ લોકસેવામાં લગાવો



-પં૦ શ્રીરામ શર્મા આચાર્ય

# જીવનનો ઉત્તરાર્ધ લોકસેવામાં લગાવો

: લેખક :
પં. શ્રીરામ શર્મા આચાર્ય

પ્રકાશક
યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.
ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯
ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

: પ્રાપ્તિસ્થાન :
ગાયત્રી જ્ઞાનપીઠ
પાટીદાર સોસાયટી, જૂના વાડજ,
અમદાવાદ-૩૮૦ ૦૧૩
ફોન ૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ ૨૦૧૧ કિંમત રૂા. ૭.૦૦

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# જાગૃત આત્માઓને અનુરોધ

યુગ પરિવર્તનની મહાન આવશ્યકતા પૂરી કરવા માટે ભાવનાશીલ વ્યક્તિઓએ પ્રબળ પુરુષાર્થથી આગળ આવવાનો બરાબર આ જ સમય છે. વધતી જતી દુષ્પ્રવૃત્તિઓનો પ્રવાહ એટલો પ્રચંડ છે કે યથા સ્થિતિમાં રહેવું કોઈ પણ રીતે ઈચ્છનીય નથી. લોકમાનસમાં વિકૃતિઓ એટલી વધતી ગઈ છે કે વિદ્રૂપ વિસ્ફોટ ગમે ત્યારે આફતો ઊભી કરી દેશે. અપરાધોની ખરાબ પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ અને પરોક્ષ સ્તરે એટલી બધી વધતી ગઈ છે કે હવે જાહેર સદાચારી પણ છૂપા વેશમાં દુરાચારી હોવાની આશંકા રહ્યા કરે છે. ચરિત્રનિષ્ઠા કોઈ તથ્ય ન રહેતાં વાણીવિલાસની, એકબીજાને ઉપદેશ આપવામાં કામ લાગતી એકમાત્ર ચર્ચા બની ગઈ હોય તેમ લાગે છે. એક માણસનો બીજા માણસ પ્રત્યેનો અવિશ્વાસ ચરમ સીમા સુધી વધતો ગયો છે. પતિ અને પત્ની વચ્ચે કરવામાં આવતી પવિત્ર પ્રતિજ્ઞાઓ એક ઠઠ્ઠાબાજી જેવી બની ગઈ છે. કામુક દૃષ્ટિનું મહત્ત્વ વધતું ગયું હોવાથી પવિત્ર વિવાહ સંસ્થા લગભગ મૃતઃપાય બની રહી છે. પિતા-પુત્રનો સંબંધ નામમાત્રનો રહી ગયો છે. અસંયમી માણસ રાતદિવસ પોતાના પગ પર કુહાડી મારી રહે છે. નશાબાજીથી ભાગ્યે જ કોઈ વિરલો બચી શક્યો છે. મનોવિકારોની તો હદ આવી ગઈ છે. અશ્રદ્ધાળુઓ વધી રહ્યા છે. ચિંતા, નિરાશા, આશંકા, અસુરક્ષા તેમજ અવિશ્વાસ વગરનું સ્વચ્છ મન હવે કોઈક વિરલાનું જ જોવા મળશે.

ન્યાયની વાતો તો ખૂબ સુંદર છે, પરંતુ તે મેળવવાનું ભગવાનને મેળવવા કરતાંય વધારે દુર્લભ બની ગયું છે. સામાન્ય માણસને ન્યાય મળી શકે, એવી આજની સ્થિતિ નથી રહી કે નથી સરકારી તંત્ર એટલું સમર્થ કે જે આ ઉદ્દેશને પૂરો કરી શકે. ધર્મ-અધ્યાત્મ, સમાજ તેમજ રાજનીતિનાં ક્ષેત્રોમાં સુધારણા અને વિકાસનાં સૂત્રો જોરશોરથી



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોકારવામાં આવે છે, પરંતુ આ ક્ષેત્રોમાં જે થઈ રહ્યું છે, લોકો જે કરી રહ્યા છે તેમાં કથની અને કરણીમાં જમીન-આસમાનનું અંતર જોઈ શકાય છે. આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ તો એથીય વિશેષ વિસ્ફોટક બની રહી છે.

## શું હાથ પર હાથ ધરી બેસી રહીશું ?

આપણે બધા જ આજે આવી જ આફતભરી ક્ષણોમાં જીવન વિતાવી રહ્યાં છીએ. શું આવી જ પરિસ્થિતિ રહેવા દઈએ ? શું આપણે બધા આમ જ હાથ પર હાથ રાખી બેસી રહીએ ? પોતાની જાતને અસહાય, અસમર્થ અનુભવતા રહીએ અને પરિસ્થિતિને બદલવા માટે કોઈ બીજા પર આશા રાખીને બેસી રહીએ ? માનવ પુરુષાર્થ કહે છે કે આમ ન થવું જોઈએ. પરિવર્તન માટે મોટા માણસો આગળ ન આવે તો પણ નિરાશ ન થવું જોઈએ. આપણે નાના નાના માણસોએ પણ ભેગાં મળીને કંઈક કરવું જોઈએ. આપણા જેવા ભાવનાશીલ અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિઓ શું શું નથી કરી શકતા ?

## આજની જરૂરિયાત

આજે રીંછ-વાનરોની જેમ તનમનથી અસુરતાની સામે ઝઝૂમનારા ભાવનાશીલ અને કર્તવ્યનિષ્ઠ માણસોની જરૂર છે, જે ઉપરછલ્લી રીતે માત્ર કીર્તિ મેળવવાની ઈચ્છાથી જ લોકસેવાનો આડંબર કરવા નહિ, પરંતુ કોઈક મહાન ઉદ્દેશ માટે પોતાની જાતને સમર્પિત કરવાનો દૃઢ સંકલ્પ કરી આગળ આવે. આવી વ્યક્તિઓ જો મળી જાય તો વ્યક્તિ, કુટુંબ અને સમાજના દરેક ક્ષેત્રમાં ફેલાયેલા આ અંધકારનો સામનો કરી શકાય છે. યુગ પરિવર્તનની જરૂરિયાતને પૂરી કરવા માટે પોતાની જાતને સમર્પિત કરનાર સંસ્કારી વ્યક્તિ વર્તમાનમાં ફેલાયેલા આતંકને દૂર કરી ન શકે એવું માનવાને કોઈ કારણ નથી.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ સંદર્ભમાં ભારતની એક અત્યંત મહત્ત્વપૂર્ણ પરંપરા છે વાનપ્રસ્થ. ભૂતકાળના એ ગૌરવ-ગરિમાભર્યા દિવસોમાં મોટેભાગે પ્રત્યેક પ્રબુદ્ધ વ્યક્તિ પોતાના જીવનનો ઉત્તરાર્ધ એ જ ઉદ્દેશ માટે સમર્પિત કરતો હતો કે સમાજની વિકૃતિઓને ઊગતાંની સાથે જ ડામી શકાય અને સર્વતોમુખી ઉત્કર્ષની સદ્પ્રવૃત્તિઓને સિંચિત કરવામાં નિરંતર સંલગ્ન રહી શકાય. વાનપ્રસ્થ જીવનનો ઉદ્દેશ જ એ હતો કે સમાજનો નાશ કરનારી વિકૃતિઓને ખુલ્લેઆમ છૂટ આપવામાં ન આવે અથવા તો તેને દૂર કરવા માટે એક દળ નિરંતર ક્રિયાશીલ રહે.

અખંડ જયોતિ પત્રિકામાં વખતોવખત પ્રકાશિત થતા પૂ. ગુરુદેવના લેખોમાંથી વાનપ્રસ્થ પરંપરા અંગેના સંકલિત વિચારો પ્રકાશિત કરવામાં આવે છે. સંપૂર્ણ મનોયોગથી ચિંતન- મનનની સાથે જાતે વાંચ્યા પછી જાગૃત આત્માઓ સાથે વિચારગોષ્ઠિ કરીને વાંચીને સંભળાવવાનો પ્રયત્ન કરો. દાનદાતાઓના સહકારથી વધારેમાં વધારે પુસ્તકો મંગાવીને વરિષ્ઠ ભાઈ-બહેનોમાં વહેંચો. તમામ વાચકોને વિનંતી કે તે પોતે વાંચ્યા પછી ૧૦-૧૦ ભાઈ-બહેનોને વંચાવવાનો પ્રયત્ન કરે. લીધેલા સંકલ્પોની માહિતી આપતા રહો.

આપણે વાનપ્રસ્થ આશ્રમને પુનર્જીવિત કરવા માટે સંપૂર્ણ શક્તિ લગાવવી જોઈએ, જેથી અનિચ્છનીય સ્થિતિને બદલવા માટે સમર્થ, કર્મઠ તેમજ સુયોગ્ય વ્યક્તિઓની અછત ન રહે. જો આમ થઈ શકશે તો યુગ બદલી શકાશે અને પ્રસ્તુત અંધકારને દૂર કરનાર પ્રકાશને ચોક્કસ ફેલાવી શકાશે. વધારે જાણકારી તેમજ સલાહસૂચન પત્ર દ્વારા અથવા વ્યક્તિગત રીતે મળીને મેળવી શકો છો.

વ્યવસ્થાપક
યુગ નિર્માણ યોજના, મથુરા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ભારતીય સંસ્કૃતિની આશ્રમ વ્યવસ્થા

આ સંસારમાં 'લો અને આપો'ની નીતિ પર સમગ્ર વ્યવસ્થા ચાલી રહી છે. 'લેવા' માટે તૈયાર, 'આપવા' માટે ઈન્કારની પરંપરા જો ચાલવા માંડે તો સમગ્ર ક્રમ જ ઊલટો થઈ જાય અને ત્યારે આપણે અસામાજિક આદિમ યુગ તરફ પાછું જવું પડે.

અર્ધો ભાગ મનુષ્યની બુદ્ધિ અને શ્રમશીલતાનો અને અર્ધો ભાગ સામાજિક અનુદાનનો માનવામાં આવે છે. તદનુસાર દાર્શનિકોએ એવી વ્યવસ્થા ઘડી છે કે મનુષ્યએ પોતાની જીવન સંપત્તિનો અર્ધો ભાગ પોતાની શરીરયાત્રા માટે રાખવો જોઈએ અને બાકીના અર્ધા ભાગને સામાજિક ઉત્કર્ષ માટે ખર્ચવો જોઈએ.

ભારતીય સંસ્કૃતિમાં આ દૃષ્ટિએ જ આશ્રમ ધર્મની વ્યવસ્થા કરવામાં આવી છે. આયુષ્યનો ૧/૪ ભાગ ખેલ-કૂદ, જ્ઞાન અને શારીરિક વિકાસ માટે, આ બ્રહ્મચર્ય ગણાય, ૧/૪ લગ્ન, સંતાન, કુટુંબ, યશ, વૈભવ, મનોરંજન વગેરે માટે, આને ગૃહસ્થ કહેવાય. આટલો ભાગ અંગત સુખ સુવિધા માટે છે. બાકીનો અર્ધો વાનપ્રસ્થ અને સંન્યાસના સ્વરૂપમાં લોકકલ્યાણ માટે, આત્મસમૃદ્ધિ વધારવા માટે વ્યતીત થવો જોઈએ. જીવન સંપત્તિનું આ જ સર્વશ્રેષ્ઠ વિભાજન છે. ભારતીય ધર્મ અને સંસ્કૃતિની આ એક અતિ મહત્ત્વપૂર્ણ વ્યવસ્થા છે. જેના પર તેની મહાન સામાજિક વ્યવસ્થાની આદર્શ પરિપાટી ટકી રહી છે.

સામાજિક ઉત્કૃષ્ટતાઓની વૃદ્ધિ, સત્પરંપરાઓનું સંચાલન અને વિકૃતિઓના નિવારણ માટે સતત પ્રયત્ન કરવો જરૂરી છે. આ ઉદ્દેશ સુયોગ્ય, અનુભવી અને નિસ્પૃહ વ્યક્તિઓથી જ બર આવી શકે છે. અનેક સત્પ્રવૃત્તિઓ નિરંતર ચાલ્યા કરવાથી જ સમાજની શ્રેષ્ઠતા અને મહાનતા સુદઢ રહી શકે તેમ છે. આ કામ માટે બઢતી વયના મનુષ્યોએ પોતાનું જીવન સમર્પિત કરવું જોઈએ. આ કાર્યને ઉદારતા, દાન,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરમાર્થ, ધર્મ, પુણ્ય ગમે તે કહી શકાય. આને ઋણ ચુકવણી કે કર્તવ્ય પાલન પણ કહી શકીએ. ગમે તે કહીએ, પણ આ અત્યંત આવશ્યક છે. આ પરંપરા ચાલુ રહેવાથી જ સુયોગ્ય સમાજસેવકોની જરૂરિયાત પૂરી થઈ શકે છે અને સામાજિક મહાનતા અખંડ રહી શકે છે. આ સત્યને ધ્યાનમાં રાખીને પ્રત્યેક ભારતીય ધર્માનુયાયીએ, શાસ્ત્રમર્યાદા અથવા ઈશ્વર આજ્ઞાના સ્વરૂપમાં, ઢળતી ઉંમરે વાનપ્રસ્થ સ્વીકારીને પોતાનો શ્રમ, સમય અને મનોયોગ લોક કલ્યાણ માટે જ વ્યતીત કરવાનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

શાસ્ત્રકારોએ જીવનના ઉત્તરાર્ધનો શ્રેષ્ઠતમ સદુપયોગ એ જ બતાવ્યો છે કે આ સમયને જ્ઞાન-સાધના, તપશ્ચર્યા અને લોક કલ્યાણની સંન્યસ્ત પ્રક્રિયામાં વ્યતીત કરીને આત્મકલ્યાણ અને વિશ્વકલ્યાણનો ઉદ્દેશ પાર પાડવો. કુટુંબની બાકી રહેલી જવાબદારી મોટા અને સ્વાવલંબી પુત્રને સોંપી શકાય, તે માટે એને પહેલેથી જ કેળવવો જોઈએ.

શાસ્ત્રકારો અને જ્ઞાની પુરુષોએ ડગલે ને પગલે આ પરંપરાનો નિર્દેશ કર્યો છે. ધર્મગ્રંથોમાં દરેક જગ્યાએ આ પ્રકારના અસંખ્ય નિર્દેશો જોવા મળે છે.

**મહર્ષિપિતૃદેવાનાં ગત્વાડડનૃણ્યં યથાવિધિ ।**
**પુત્રે સર્વં સમાસજ્ય વસેન્માધ્યસ્થ્યમાસ્થિતઃ ॥**
(મનુ. ૪/૨૫૭)

ઢળતી ઉંમરે પુત્રને ગૃહસ્થનું ઉત્તરદાયિત્વ સોંપી દો, વાનપ્રસ્થ લઈ દેવ, પિતૃ અને ઋષિઓનું ઋણ ચૂકવો.

**બ્રહ્મચર્યાશ્રમં સમાપ્યં ગૃહી ભૂત્વા બની ભવેત્ ।**
**બની ભૂત્યા પ્રવ્રજેત્ ।** (શતપથ બ્રાહ્મણ)

બ્રહ્મચર્ય આશ્રમ પૂરો થાય પછી ગૃહસ્થમાં પ્રવેશ કરો. ગૃહસ્થનો સમય પૂરો થયા પછી વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરો અને ધર્મપ્રચાર માટે પરિભ્રમણ કરો.


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**સ્કન્ધયોત્તરે સ્વસ્થ યોગ્યાધિકારિણઃ શનૈઃ ।**
**મનસઃ વામના તૃષ્ણો દ્વેષ દુર્ભાવને તથા ॥**
**દૂરી કૃત્ય ભવલ્લનઃ સાધનોપા સનાદિષુ ।**
**નિરતો લોક સેવાયાં સ્વેન્દ્રિયાણિ નિયન્ત્રયેત્ ॥**

ઘરની જવાબદારી પ્રસન્નચિત્તથી પોતાના યોગ્ય ઉત્તરાધિકારીને સોંપી દો. વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરો.

મનમાંથી ઈચ્છા, તૃષ્ણા, દ્વેષ, દુર્ભાવ, વગેરે દૂર કરી પોતાની સાધના, ઉપાસના વગેરેમાં મગ્ન રહો. લોકસેવા માટે તત્પર રહીને પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખો.

**સદાધ્યાત્મિક સમ્પત્તિઃ સંચયેલ્લોક સેવયા ।**
**સમયસ્ય વિશિષ્ટાંશં શુભકાર્યે નિયોજયેત ॥**
**વિશ્વં મત્વાઽઽત્મરૂપં યત્ શિક્ષક વદ્ ગૃહાદ્વહિ : ।**
**જીવનસ્યાસ્ય સાફલ્યં વૈરાગ્યોપરિતિષ્ઠિતિ ॥**

વાનપ્રસ્થમાં હમેશાં આધ્યાત્મિક સંપત્તિને લોકસેવામાં સંચય કરો. વિશ્વને આત્મસ્વરૂપ માનીને શિક્ષકની જેમ ઘરની બહાર સમયનો વિશિષ્ટ ભાગ શુભકાર્યમાં વ્યતીત કરો. કારણકે આ જીવનની સફળતા નિસ્વાર્થ ભાવ પર નિર્ભર છે. નિવૃત્તિપ્રધાન વાનપ્રસ્થને સ્વાર્થમુક્તિ અને બીજી આધ્યાત્મિક સમૃદ્ધિઓનું કેન્દ્ર માનવામાં આવે છે.

વાનપ્રસ્થ સ્વીકારતી વખતે જે પ્રતિજ્ઞાઓ કરવામાં આવે છે તે સંકલ્પમાં એ આશ્રમનો ઉદ્દેશ, હેતુ અને કાર્યક્રમનો સ્પષ્ટ નિર્દેશ છે.

**ન્યાયં બદામિ ઉભયલોકા હતં ગદામિ ।**
**લોકૌ અતીત્ય પરમાર્થ યુજ્ઞ સ્તવીમિ ॥**
**શંસામિ યન્નનુ નિર્દૈજ્ઞન આર્યા મેવ ।**
**ગૃહપવીત હૃષ્ટ હૃદયાઃ તદ અથાર્ય વર્યાઃ ॥**

હું ન્યાયનું અનુસરણ કરીને ભાષણ કરીશ. આ લોક અને પરલોક સુધરે તેવું પ્રવચન કરીશ. આત્મકલ્યાણ અને સમાજકલ્યાણમાં મગ્ન



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહીશ. સમષ્ટિના કલ્યાણમાં વ્યસ્ત રહીશ. યજ્ઞ વગેરે સત્કર્મોનું આયોજન કરીશ. ઉત્સાહપૂર્વક આર્ય ધર્મનો વિસ્તાર કરીશ.

**આનયે તમારભસ્વ સુકૃતાં લોકમપિ ગચ્છતુ**
**પ્રજાનન્ । તીર્ત્વા તમાંસિ બહુધા મહાન્ત્યજો**
**નાકમાક્રમતાં તૃતીયામ ।** (અથર્વ ૯ ૫/૨૪)

બ્રહ્મચર્ય આશ્રમમાં બળબુદ્ધિ, ગૃહસ્થ આશ્રમમાં કુટુંબનિર્માણ ઉપરાંત ત્રીજા વાનપ્રસ્થ આશ્રમમાં પ્રવેશ કરું છું. તપશ્ચર્યા અને જ્ઞાનાર્જન સહિત પરમાર્થ કરીશ.

પુરુષોની જેમ મહિલાઓ પણ વાનપ્રસ્થમાં પ્રવેશ કરી શકે છે. પતિ-પત્ની બન્ને સાથેસાથે આ પુણ્ય ઉદ્દેશમાં મગ્ન થઈ શકે તો તેને શાસ્ત્રકારોએ પૂરેપૂરી છૂટ આપી છે. જો પત્નીથી કષ્ટસાધ્ય તપસ્વી જીવન માટે જરૂરી સહનશીલતા ન હોય, શિક્ષણ, યોગ્યતા અને ભાવનાના અભાવે આ મહાન વ્રત લેવામાં મુશ્કેલીનો અનુભવ થાય તો ઘરે રહેવું પણ સારું જ છે. પતિને એકલા જીવનસાધના કરવામાં સુવિધા રહેતી હોય તો તેમને એમ કરવા દેવા જોઈએ.

**સંત્યજ્ય ગ્રામ્ય માહારં સર્વં ચૈવ પરિચ્છદમ્**
**પુત્રેષુ ભાર્યાં નિક્ષિપ્ય બન ગચ્છેત્સહૈવવા ।**
(મનુ ૬/૩)

રજોગુણી આહાર-વિહાર છોડીને વાનપ્રસ્થ જીવનમાં પ્રવેશ કરો. પુત્રોને પત્નીની જવાબદારી સોંપી દો અથવા તેને પણ સાથે લઈ જાઓ.

## વાનપ્રસ્થાશ્રમની મહત્તા

માનવજીવનને ચાર આશ્રમોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ. વર્તમાન પરિસ્થિતિમાં ૬૦ વર્ષથી ઉપરની ઉંમરને વાનપ્રસ્થ તેમ જ સંન્યાસના મિશ્ર આશ્રમ રૂપમાં સમજી શકાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આશ્રમ ધર્મમાં આ વાનપ્રસ્થ જીવન જ ભારતીય ધર્મની મહાન સંપત્તિ છે. આ પૂંજીના બળે જ આ દેશના નાગરિકોનું સ્તર દેવસમાન રહ્યું છે  આ ભૂમિ સ્વર્ગથી ય ચડિયાતી કહેવાય છે. જ્ઞાની, પ્રતિભાશાળી, સંસ્કારી, ભાવસંપદાથી સુસંપન્ન, નિઃસ્વાર્થી લોકસેવકોની સેના જીવનક્રમના આ મંચથી નીકળતી રહી છે. આ સેના જ વિકૃતિઓ સામે ઝઝૂમી છે. તેણે જ સત્પ્રવૃત્તિઓનું અભિવર્ધન કર્યું છે. લોકમાનસને પતન તરફ જતું આ સેનાએ જ બચાવ્યું છે. આદર્શવાદી વ્યક્તિઓનો વિકાસ કરવામાં તેની જ મુખ્ય ભૂમિકા રહી છે. અનુકરણીય સત્કાર્યોની અધિકતા તેના પ્રયાસોથી જ સંભવિત બની છે. આ ધર્મસેનાએ જ અસુરતાને હરાવીને દેવત્વને વિજયી બનાવ્યું છે. આ જ છે પ્રાચીન ભારતની ગૌરવ-ગરિમાનું રહસ્ય. વર્ણાશ્રમ ધર્મના આધાર પર વેતન લીધા સિવાય ઓછામાં ઓછું નિર્વાહખર્ચ લઈને સમાજની અત્યંત મહત્ત્વપૂર્ણ સેવાઓ કરી શકવામાં સમર્થ, અનુભવી, સુયોગ્ય તેમજ ભાવનાશાળી પ્રતિભાઓ આગળ આવતી હતી અને માનવ જાતિના ઉત્કર્ષ માટે પોતાની જાતને સમર્પિત કરતી હતી. આટલી મોટી પૂંજીના આધારે જો ભારત ભૂમિ વિશ્વનો મુકુટમણિ બની રહી હોય તો તેમાં શું નવાઈ ? એ મહાન પરંપરાઓને ખોઈને જ આપણે મણિ વગરના સાપની જેમ નિર્જીવ અને નિસ્તેજ બનીને કચરાના ઢગલામાં પડ્યા રહ્યા છીએ. સ્વસ્થ પરંપરાઓની અમૂલ્ય સંપત્તિ નષ્ટભ્રષ્ટ કરવાથી તો આ દુર્ગતિ થવાની જ હતી, જેણે આપણને અત્યંત કષ્ટદાયક ત્રાસના ચુંગલમાં ચારેકોર જકડી લીધા છે. વાનપ્રસ્થ આશ્રમના આ મહત્ત્વ પર આપણે ગંભીરપણે ચિંતન-મનન કરવું જોઈએ.

## વર્ણાશ્રમ ધર્મની મહાન પૃષ્ઠભૂમિ

આશ્રમ ધર્મમાં બધાથી મહાન અને બધામાં મહત્ત્વપૂર્ણ આશ્રમ અત્યારે વાનપ્રસ્થ આશ્રમ જ હોઈ શકે. પ્રાચીન સમયમાં પણ તેની



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગરિમા સર્વોત્કૃષ્ટ જ હતી. મનુષ્ય પોતાનું અડધું જીવન ભૌતિક પ્રયોજનો માટે રાખીને ચડતા લોહીના ઉછાળને સાચી દિશામાં વાળતો હતો. કુટુંબ સંસ્થાની સેવા કરતો હતો. રાષ્ટ્રની ભૌતિક સમૃદ્ધિના અભિવર્ધનમાં પોતાનું યોગદાન આપતો હતો. પુરુષાર્થના અનેક અવસરોના સહારે અનેક ઉપયોગી સફળતાઓનું નિર્માણ કરીને પ્રગતિશીલ સંભાવનાઓ રજૂ કરતો હતો. ધન, શ્રમ અને સમર્પણની સત્પ્રવૃત્તિઓનો વિકાસ કરતો હતો.

ભારતીય સંસ્કૃતિના નિર્માણકર્તા મનીષીઓની દૃષ્ટિએ જીવનનો ઉત્તરાર્ધ પરમાર્થ પ્રયોજનો માટે જ નિયત-નિર્ધારિત કરવામાં આવ્યો છે. તેમાં વ્યક્તિ અને સમાજ બન્નેનું હિત સમાયેલું છે. પૂર્વાર્ધ વ્યતીત કર્યા પછી વ્યક્તિને ઈન્દ્રિયજન્ય વાસનાઓ અને મનોવિકારો સાથે જોડાયેલી તૃષ્ણાઓની નિરર્થકતાનું સારી રીતે ભાન થઈ જાય છે અને તેની ઈચ્છા-લાલસાઓ ઉંમર ઢળવાની સાથેસાથે સમાપ્ત નહિ તો છેવટે ઓછી જરૂર થઈ જાય છે. લોભ અને મોહના આવેશોની નિરર્થકતા તેની સામે સ્પષ્ટ થઈ જાય છે. આવી સ્થિતિમાં આંતરિક ઉદ્વેગોની ધમાચકડી મનમાંથી ઘટી જવાને કારણે મનઃસ્થિતિમાં વિવેક અને સંતુલન એટલા પ્રમાણમાં તો ઉત્પન્ન થાય છે કે જેનાથી આત્મકલ્યાણ તેમ જ પરમાર્થ પ્રયોજનના લક્ષ્ય તરફ શાંતિ, સ્થિરતા અને ગંભીરતાપૂર્વક પગલું ભરી શકે.

## વાનપ્રસ્થનાં ત્રણ ચરણ

**(૧) બ્રહ્મવિદ્યાનું પારાયણ :** આત્માની ભૂખ મટાડવા માટે નવેસરથી વિદ્યા અધ્યયન કરવું પડે છે. જ્ઞાનામૃતથી પરિપૂર્ણ થયેલ વ્યક્તિ જ બ્રહ્મવિદ્યાને પ્રાપ્ત કરે છે અને લોકનિર્માણ જેવા મહાન ઉદ્દેશોના અધિકારી બને છે તે સમજાવવાની જરૂર નથી.

**(૨) તપ, સાધના, યોગાભ્યાસ :** આત્મા પર ચડેલા મનોવિકાર, પાપ અને મેલના આવરણનું તેમજ વ્યગ્રતાનું નિવારણ-નિરાકરણ આ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંસ્કારોથી જ સંભવી શકે છે. આંતરિક પ્રખરતા આ માર્ગ પર ચાલવાથી નિખરે છે. આત્મબળ મેળવવાનો મુખ્ય માર્ગ તપ જ છે. આત્માને દેવાત્મા બનાવીને તેને પરમાત્માની કથા સુધી લઈ જવાનું યોગ-સાધનાથી જ શક્ય છે. આથી તપ-સાધનાનો પરમ પુરુષાર્થ પણ કરવો પડે છે. બ્રહ્મતેજસ આનાથી નિખરે છે. આ જ બલિષ્ઠતાની સમર્થતાના આધારે વ્યક્તિ પોતાની જીવનનૌકાને હંકારતો લક્ષ્ય સુધી લઈ જાય છે અને સાથેસાથે અનેકને એમાં બેસાડીને પાર કરાવી શકે છે.

**(૩) સેવા-સાધના :** ભૌતિક સેવા-સાધના તો ફક્ત ધનવાન લોકો જ કરી શકે છે, પરંતુ જનમાનસમાં ઉત્કૃષ્ટતાનું બીજ વાવવાનું, ઉછેરવાનું, તેનો વિકાસ કરવાનું ફક્ત બ્રહ્મપરાયણ લોકો માટે જ શક્ય બને છે. બકવાસ કરનાર વક્તા તેને પૂરો કરી શકે નહિ. ધર્મશાળા, મંદિર, પરબ, સદાવ્રત, વિદ્યાલય, ચિકિત્સાલય, ઉદ્યોગશાળા, વ્યાયામશાળા જેવા સંપત્તિથી જ સંભવી શકે તેવાં પરમાર્થ પ્રયોજનો ધનવાન લોકો જ પૂરાં કરે છે. તેમના ધનનો સદુપયોગ આવાં કાર્યોમાં છે, પરંતુ લોકમાનસમાં ઉચ્ચસ્તરીય ભાવનાઓ અને પ્રવૃત્તિઓનું આરોપણ-અભિવર્ધન ફક્ત ઉચ્ચ કોટિની પરમાર્થ પરાયણ વ્યક્તિ જ કરી શકે છે. ધનલોલુપ પ્રચારકો તો લોકોનું મનોરંજન માત્ર કરી શકે છે. તેમની ઉછળ-કૂદ તેમને સાંભળનારાઓનું કુતૂહલ જ સંતોષી શકે છે. કોઈનું માનસ બદલવાનું તેમને માટે અશક્ય છે. જેણે પોતાની જાતને જ નથી બદલી તે બીજાને કેવી રીતે બદલી શકશે ? દરેક સંસ્થા દ્વારા વક્તા અને પ્રચારકોની પૂરી સેનાની ભરતી કરવામાં આવે છે, પરંતુ તેનાથી પ્રોપેગંડા અને ધન-ઉપાર્જન સિવાય બીજો કશો લાભ થતો નથી. જે વ્યક્તિએ પોતાનો વિકાસ કર્યો હોય, સ્વયંનું પરિવર્તન કર્યું હોય તેવી વ્યક્તિ જ અન્યનો વિકાસ કરવામાં અને તેનામાં પરિવર્તન લાવવામાં સમર્થ બની શકે છે. સમાજની આ મહાન સેવા-સાધનાને જ્ઞાનવૃદ્ધ તપસ્વી તેમ જ સેવાપરાયણ વાનપ્રસ્થ જ પૂરો કરી શકે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

**પસ્તાવું નહિ પડે** - સાંસારિક દૃષ્ટિએ જીવનનો ઉત્તરાર્ધ તો પીડા, અસમર્થતા, અપમાન અને ઉપેક્ષાનો સમય છે. જ્ઞાનેન્દ્રિયો સાથ છોડતી જાય છે અને કર્મેન્દ્રિયોની નિષ્ક્રિયતા વધતી જાય છે. અનુપયોગી, ભારરૂપ, બેકાર અને ઉપેક્ષિત અને ઉપહાસાસ્પદ જીવન ગાળવું અઘરું બની જાય છે. એક એક દિવસ કાઢવો ભારે પડી જાય છે. વીતેલા દિવસોની યાદ આવે છે ત્યારે કાંટાની જેમ, ડંખની જેમ ખૂંચે છે, ખીજ વધે છે અને સ્વભાવમાં ચીડિયાપણું આવી જાય છે. ક્યાં જઈએ, ક્યાં બેસીએ, નકામા તાણાવાણા વણ્યા કરીએ છીએ, પરંતુ ક્યાંય ચેન પડતું નથી. જયાં જઈએ છીએ ત્યાં ઉપેક્ષા અને અવજ્ઞા જ મળે છે.

જીવનનો ઉત્તરાર્ધ ભૌતિક દૃષ્ટિએ પોતાના માટે કષ્ટદાયક અને કુટુંબ માટે ક્રમશઃ વધારે ને વધારે ભારરૂપ બનતો જાય છે. એવા દિવસો પણ નજીક આવી જાય છે, જયારે જાતે જ ભગવાન પાસે મોત માગવું પડે છે અને ઘરના સભ્યો મનમાં ને મનમાં આવી પ્રાર્થના-ઈચ્છા કરે છે. આવી ખરાબ સ્થિતિ આવે એ પહેલાં જ જો સમયસર સજાગ થઈ શકાય અને અધ્યાત્મ-ભૂમિકામાં પ્રવેશ કરીને પોતાની ગતિવિધિઓને વાનપ્રસ્થ કક્ષાની બનાવી લેવામાં આવે તો એવું પ્રતીત થશે કે જાણે નવો જન્મ થયો છે. પૂર્વાર્ધ જેટલો આનંદમય અને શાનદાર હતો, તેનાથી હજારગણી વધારે પ્રસન્નતા અને સરસતા આપનારી જડીબુટ્ટી હાથ લાગી ગઈ. દૂરંદેશી ઋષિ-મનીષીઓએ વાનપ્રસ્થની વિધિ-વ્યવસ્થા આ દૃષ્ટિએ જ બનાવી છે અને તેને સાંસ્કૃતિક જીવન પ્રક્રિયામાં અત્યંત ઉચ્ચ કોટિનું સ્થાન આપ્યું છે.

## વ્યક્તિ અને સમાજનું અભિનવ નિર્માણ

વ્યક્તિગત હિતસાધનની દૃષ્ટિએ વાનપ્રસ્થ પરંપરા એક અત્યંત બુદ્ધિમત્તાપૂર્ણ પગલું છે. જીવનના એક નવા સ્તરનો આનંદ ઉઠાવવામાં અને નવું જીવન જીવવાની દૃષ્ટિએ ઢળતી ઉંમર જ ઉપયોગી બને છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આધ્યાત્મિક અને પરમાર્થિક કાર્યો અપનાવીને જીવનના ઉત્તરાર્ધને એટલો મૃદુલ અને સરસ બનાવી શકાય છે, જાણે નવો જન્મ ધારણ ન કર્યો હોય ! જે હેતુ માટે આ શરીર મળ્યું છે, માનવ જીવનનું જે પરમ લક્ષ્ય છે તેનો ઉત્તમ સુઅવસર તો ઉત્તરાર્ધમાં જ મળે છે. માનસિક તણાવ ઓછો થઈ જવાથી અને પરિવારનો બોજો ઓછો થવાથી મન પણ સારી રીતે લાગે છે અને મનની ડામાડોળ થવાની, વિચલિત થવાની આશંકા પણ ઓછી રહે છે. મૃત્યુ દિવસ નજીક આવતો જોઈને પરમાર્થની પુણ્ય પૂંજીનો સંગ્રહ કરવા માટે, આગલા જન્મમાં સારી સ્થિતિ મેળવવા માટેની ઉત્કંઠા જાગૃત થાય છે અને જીવનની જે પ્રવૃત્તિઓ યુવાનીમાં અસ્વીકૃત અને મુશ્કેલ લાગતી હતી એ અપનાવી શકાય છે. આ ઢળતી ઉંમર એવાં અનુદાન-વરદાન લઈને આવી છે, જે જુવાનીના દિવસોમાં મળી શકવાં મુશ્કેલ છે. આમ વિચારવાથી કોઈનેય પૂર્વાર્ધ વીતી જવાથી દુ:ખી થવાની, પસ્તાવો કરવાની જરૂર પડતી નથી, ઊલટું આ વધારે મહત્ત્વપૂર્ણ અવસર પ્રાપ્ત થયાનો સંતોષ હોય છે. આ તો થયું વ્યક્તિગત હિત સાધનની દષ્ટિએ વાનપ્રસ્થ આશ્રમનું મહત્ત્વ ! આગળ સામાજિક દૃષ્ટિએ પણ આશ્રમના મહત્ત્વનો વિચાર કરીશું.

## સામાજિક દૃષ્ટિએ પણ વાનપ્રસ્થનું મહત્ત્વ

કોઈ પણ દેશ કે સમાજના ઉત્કર્ષની તમામ આશાઓ અને શક્યતાઓ વાનપ્રસ્થીઓની સક્રિયતા પર જ કેન્દ્રિત છે. યોજનાઓ અગણિત છે. અગણિત વિચારશક્તિથી વ્યક્તિ એક એકથી ચડિયાતી યોજનાઓ બનાવે છે, બનાવી શકે છે પણ સૌથી મોટી મુશ્કેલી એક જ હોય છે કે તેને કાર્યાન્વિત કરી શકે તેવી સુયોગ્ય વ્યક્તિઓ મળતી જ નથી. પરિણામે તે કાગળના ઘોડા બનીને અને મનની પરિકલ્પનાઓ બનીને હવામાં વિલીન થઈ જાય છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોકકલ્યાણનું કાર્ય એટલું સરળ નથી કે તેને કોઈ પણ તુચ્છ વ્યક્તિને સોંપી શકાય. તેને માટે અનુભવી, સુયોગ્ય, ઈમાનદાર, સક્ષમ, લગનશીલ અને પ્રભાવશાળી કાર્યકર્તા જ જોઈએ. સંસ્થાઓ પાસે પણ આવા લોકો નથી. તેમાં પણ છીછરી પ્રકૃતિની યશલોલુપ વ્યક્તિઓ જ ભરેલી છે. સરકારની પાસે પણ યોગ્ય વ્યક્તિ નથી. સ્પષ્ટ છે કે લોક સહયોગ વગર કોઈ યોજના સફળ થઈ શકતી નથી. સાથેસાથે એ પણ સ્પષ્ટ છે કે આવો સહયોગ મેળવવાનું કામ એવી વ્યક્તિઓનું છે, જેના પ્રત્યે લોકોમાં સહજ શ્રદ્ધા હોય. વાનપ્રસ્થમાંથી જ આવા વ્યક્તિત્વવાન લોકો મળી શકશે.

## લોકકલ્યાણકારી સંસ્થાઓની સ્થિતિ

લોક કલ્યાણ માટે રચાયેલી સંસ્થાઓની સ્થિતિ આથીય વધુ દયનીય છે. યશ-પ્રશસ્તિ માટે થોડી જાહેરાત કરવી એ મહત્ત્વાકાંક્ષી વ્યક્તિઓ માટે એક ધંધો બની ગયો છે. જાતજાતનો આડંબર સભા, સંમેલન, સંગઠન, સંસ્થા, સરઘસ, પોસ્ટરોની અત્યારે ધૂમ મચી છે. રોજેરોજ નવી સંસ્થાઓ બનતી રહે છે અને બંધ થતી રહે છે. હોદ્દા માટે લડનાર-મરનાર, પડદાની પાછળ રહીને કેટલાય પ્રકારના સ્વાર્થ સાધનાર લોકોની સાર્વજનિક સંગઠનોમાં બોલબાલા છે. વિવિધ સંસ્થાઓનું માળખું કાગળના બનેલા રાવણની જેમ વિશાળ ઢાંચો બનાવીને તો ઊભું છે પણ અંદર તો ખોખલી પોલ જ છે. આ જ કારણે કામ નહિવત્ અને આડંબર પહાડ જેટલો દેખાય છે. પ્રગતિના વિભિન્ન ઉદ્દેશોથી બનેલાં આટલાં બધાં સંસ્થા-સંગઠનો, કહેવાતા લોકસેવકો-નેતાઓના હોવા છતાં એક ઈંચ જેટલી પણ પ્રગતિ સાધી ન શકે તો સમજવું જોઈએ કે આડંબરે યથાસ્થિતિને નષ્ટભ્રષ્ટ કરી નાખી છે.

આ દુર્ભાગ્યપૂર્ણ સ્થિતિનું એક જ કારણ છે - સદ્ભાવના સંપન્ન, સુયોગ્ય તેમ જ કર્મઠ કાર્યકર્તાઓનો અભાવ. અનેક મિશન બનેલાં છે



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને નવાં બની રહ્યાં છે, પરંતુ મિશનરીનો ક્યાંય પત્તો નથી. આવી સ્થિતિમાં લોકશક્તિને જગાડવાનું, લોકકલ્યાણનો ઉદ્દેશ પૂરો કરવાનું કેવી રીતે સંભવ બનશે ?

## જનતાની સ્થિતિ - ચિંતાજનક

જનતાની સ્થિતિ હવે અજીબ બનતી ગઈ છે. વક્તાઓ અને નેતાઓની કથની અને કરણીમાં જમીન-આસમાનનું અંતર જોઈને અપીલો અને જોરદાર ભાષણોની અસર સમાપ્ત થતી ગઈ છે. ભાષણો સાંભળવા કાં તો લોકો આવતા જ નથી અને આવે છે તોય સસ્તું મનોરંજન કરીને, પાલવ ખંખેરી નાખીને, જ્યાંથી તેઓ આવ્યા હતા ત્યાં જ પાછા પહોંચી જાય છે. જ્યારે નેતા અને અભિનેતા એક જ પંક્તિમાં ગણવા માંડે તો એવી આશા કેવી રીતે રાખી શકાય કે જનતા તેમના કોઈ કારણસાધ્ય અનુકરણનો સ્વીકાર કરશે. હડતાળો કરાવવાનું હવે એક એવું કામ છે, કોઈ પણ નેતા સરળતાથી કરાવી શકે છે. જેમાં ત્યાગ અને સુધારણાની કષ્ટદાયક વાત હોય, તેને માનવાનું તો દૂર રહ્યું, કોઈ એને સાંભળવા પણ તૈયાર નથી. આવી પરિસ્થિતિ ઊભી થવા માટે માત્ર જનતાની અનાસ્થા જ દોષિત નથી, પરંતુ વધારે વાંક એ લોકસેવકોનો છે જેમણે પોતાને અવિશ્વાસુ સાબિત કરવાની સાથેસાથે ઉચ્ચ આદર્શોમાંથી પણ લોકોની નિષ્ઠા ડગમગાવી દીધી છે.

## વાનપ્રસ્થમાં લોકસેવક નેતૃત્વ

ઉજ્જવળ ચરિત્ર, સુસંસ્કૃત અને નિઃસ્વાર્થ લોકસેવામાં મગ્ન વ્યક્તિ જ પ્રથમ હરોળમાં આગળ આવીને જનતાનું સાચું માર્ગદર્શન કરી શકે છે. આવા નેતૃત્વનું ઉત્પાદન વાનપ્રસ્થ આશ્રમની ખાણમાંથી જ થતું રહ્યું છે અને થઈ શકે છે. જો વાનપ્રસ્થની પુણ્ય પરંપરા ચાલુ થઈ જાય તો એક એકથી ચડિયાતા સુયોગ્ય અને ભાવનાશીલ લોકસેવકો જુદીજુદી સત્પ્રવૃત્તિઓમાં સંલગ્ન થયેલા જોઈ શકાશે અને પગારના ભાર વિના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જનતાને આવા કાર્યકર્તાઓ લાખોની સંખ્યામાં મળી શકશે, જે અનિચ્છનીયતાઓ વિરુદ્ધ મોર્ચાબંધી કરીને લડવા માટે સાહસિક શૂરવીરોની ભૂમિકા અદા કરી શકે. રચનાત્મક પ્રવૃત્તિઓનું અભિવર્ધન આ લોકો દ્વારા જ થશે. અવેતન સેવા-સાધનામાં સંલગ્ન ઉચ્ચકોટિના સુનિશ્ચિત તેમ જ અનુભવી વ્યક્તિ જે કોઈ કાર્યને હાથમાં લઈ લે છે તેમને જનતાનો લગાતાર સહયોગ મળે છે અને નિશ્ચિતપણે સફળ થાય છે. નવનિર્માણની બહુમુખી પ્રવૃત્તિઓમાં સંલગ્ન થઈને આવા લોકો દેશને કેટલો ઝડપથી આગળ લાવી શકે છે, ગૌરવ અપાવી શકે છે એની કલ્પનામાત્રથી આંખ અંજાઈ જાય છે.

નવનિર્માણની, પુનરુત્થાનની બધી દિશાઓ સૂની પડી છે. શિક્ષણ, સંસ્કૃતિ, સમાજ, સ્વાસ્થ્ય, આજીવિકા, વિનોદ જેવાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો લોકસહયોગથી જ પ્રગતિશીલ અને સુવ્યવસ્થિત થઈ શકે છે. બૌદ્ધિક, નૈતિક અને સામાજિક ક્ષેત્રોમાં વ્યાપેલી ગગનચુંબી વિકૃતિઓની વિરુદ્ધ મોરચો ઊભો કરવો અને તેની સામે ઝઝૂમીને વિજય મેળવવો એ ફક્ત લોકશક્તિ માટે જ સંભવિત છે. તેને જ ગઠિત, સુદૃઢ અને સંસ્કારી બનાવવી પડશે. આજનું અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય આ જ છે જેને કાલની પ્રતીક્ષા કર્યા વિના આજે જ શરૂ કરવું જોઈએ.

## ભાવનાશીલ રાષ્ટ્ર નિર્માણમાં જોડાઈએ

સૌથી મોટી, સૌથી મહત્ત્વપૂર્ણ એક જ જરૂરિયાત નજર સામે આવે છે. સુયોગ્ય ભાવનાશીલ, વેતન વગર અને સેવાની ઉત્કૃષ્ટ લગન સાથે રાષ્ટ્રનિર્માણમાં જોતરાઈ જાય તેવા કાર્યકુશળ કાર્યકર્તાઓની. આ અભાવને દૂર કર્યા વગર કોઈ ગતિ નથી, કોઈ માર્ગ નથી કે કોઈ આશા નથી. આ ઉદ્દેશને વાનપ્રસ્થ પરંપરાનું પુનઃજાગરણ કરીને જ પૂરો કરી શકાય છે. જો આ દિશામાં એક પ્રબળ અને સુવ્યવસ્થિત આંદોલન શરૂ કરી શકાય તો આ ધર્મપ્રાણ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દેશમાં પ્રાચીન સંસ્કૃતિની રક્ષાની ભાવનાથી પ્રેરિત અગણિત વ્યક્તિ આગળ આવી શકે છે.

## લોકસેવકોનો અભાવ નથી, પ્રશિક્ષણની જરૂર છે

ભારતમાં ધર્મ, અધ્યાત્મ અને સંસ્કૃતિ પ્રત્યે હજુ પણ શ્રદ્ધાનો સદંતર અભાવ નથી થયો. ભૌતિકવાદી વિચારધારાએ નાસ્તિકવાદને પ્રોત્સાહન જરૂર આપ્યું છે અને કહેવાતા ધાર્મિક વર્ગના કુકર્મોએ લોકમાનસમાં ધર્મ પ્રત્યે ઉપેક્ષા, અવજ્ઞા અને આક્રોશનો ભાવ અવશ્ય પેદા કર્યો છે. આટલું બધું થયું હોવા છતાં સ્થિતિ હજુ એટલી હદે નથી પહોંચી કે ધાર્મિક તેમ જ સાંસ્કૃતિક પુનરુત્થાન માટે શરૂ કરેલા પ્રચંડ અભિયાનને સર્વથા ઉપહાસાસ્પદ સાબિત ઠરાવવામાં આવે અને તેની પ્રતિક્રિયા તેના પ્રત્યે ઉદાસીનતા અને નિરાશાનાં રૂપમાં સામે આવે. દરેક ધાર્મિક વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં શાંતિ મેળવવાની અને પરમાર્થ-સાધનાની વાત વિચારે છે જરૂર, ભલે પછી સંજોગો એને એવો અવસર પ્રાપ્ત જ ન થવા દે. જેનામાં થોડોક ઉત્સાહ છે તે સાધુ બાવાઓના આશ્રમમાં દિવસો પસાર કરતા, રામનામ જપતા અને કહેવાતા સત્સંગમાં ઊલઝતા જોઈ શકાય છે. આવી વ્યક્તિઓની સંખ્યા ગણવામાં આવે તો હજુ પણ તે લાખોના આંકડા સુધી પહોંચશે. જો તેમને યોગ્ય માર્ગદર્શન મળ્યું હોત તો તેઓ આત્મકલ્યાણની સાથેસાથે લોકકલ્યાણના ક્ષેત્રમાં પ્રવેશ કરી શકત અને નિર્માણના મહાન ઉદ્દેશને પાર પાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકત.

પરંપરાનો રાજમાર્ગ મોજૂદ છે. ભાવનાઓનો અભાવ નથી. પરમાર્થ પ્રત્યેની શ્રદ્ધા પોતાની જગ્યાએ યથાવત્ છે. તેથી જો વાનપ્રસ્થને પુનર્જીવિત કરવામાં આવે, આગળ આવતી વ્યક્તિઓને યોગ્ય પ્રશિક્ષણ અને માર્ગદર્શન આપવામાં આવે તો એવું કોઈ કારણ નથી કે લાખોની સંખ્યામાં પ્રચંડ ક્ષમતાસંપન્ન લોકસેવકોને કાર્યક્ષેત્રમાં ઉતારી ન શકાય !



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ શક્યતા મૂર્તિમંત થઈ શકે છે, થવી જોઈએ. તદનુસાર વિશ્વાસપૂર્વક એ આશા પણ રાખી જ શકાય કે રાષ્ટ્રના સર્વતોમુખી નવનિર્માણના માર્ગમાં સૌથી મોટો અંતરાય યોગ્ય કાર્યકર્તાઓની તંગી દૂર થઈને જ રહેશે અને ધરતી પર સ્વર્ગનું અવતરણ અને મનુષ્યમાં દેવત્વના ઉદયનું સ્વપ્ન સાકાર થઈને રહેશે.

## વાનપ્રસ્થના ત્રણ સ્તર

વાનપ્રસ્થ ત્રણ સ્તરોમાં વિભાજિત છે - ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ. સર્વોત્તમ સ્થિતિ એ છે, જેમાં કૌટુંબિક જવાબદારી બીજા વિશ્વાસુ અને નિષ્ઠાવાન કુટુંબીજનો પર છોડીને પોતાનો પૂરેપૂરો સમય પરમાર્થ-પ્રયોજનમાં લગાવવા માટે તત્પર થઈ જઈએ.

આ યુગની સૌથી મોટી આવશ્યકતા અને વિશ્વમાનવની સેવા-સાધના એક જ છે - લોકમાનસનું ભાવનાત્મક નવનિર્માણ. તેને માટે હાલમાં જ્ઞાનયજ્ઞની વિચાર ક્રાંતિ શૃંખલા ચાલી રહી છે. પ્રત્યેક વિચારશીલનું ધ્યાન આ કેન્દ્ર પર જ કેન્દ્રિત થવું જોઈએ. આ ચરણને પૂરું કર્યા પછી જ રચનાત્મક તેમજ સંઘર્ષાત્મક કાર્ય થઈ શકે છે. ઉદ્યોગ, શિલ્પ, ચિકિત્સાલય, મંદિર, ધર્મશાળા, પરબ, સદાવ્રત વગેરે કેટલાય પ્રકારનાં લોકોપયોગી કાર્ય થઈ શકે છે, પરંતુ વાનપ્રસ્થીએ તો એક જ લક્ષ્ય સામે રાખવું જોઈએ   વિચારક્રાંતિ, બૌદ્ધિક પરિષ્કાર, ભાવનાત્મક નવનિર્માણ - એની સાથે જોડાયેલાં સેવા કાર્યો જ હાથ ધરવાં. આ કાર્ય પ્રત્યક્ષ રૂપે જોઈ શકાતું નથી અને એનું પરિણામ ઈમારતોની જેમ આંખો સામે દેખાતું નથી, તેથી છીછરી પ્રકૃતિના લોકો આ દિશામાં ઉદાસીન રહે છે અને એવું કાર્ય હાથમાં લે છે જે પ્રત્યક્ષ રીતે જોઈ શકાય.

**ઉત્તમ સ્તર** - વાનપ્રસ્થી સંન્યાસી સ્તરની જીવનચર્યા અપનાવે છે. તેઓ આશ્રમ બનાવીને બેસતા નથી, પરંતુ જ્યાં પણ સદ્પ્રવૃત્તિઓનાં અંકુર ફૂટ્યાં હોય, તેને સીંચવા માટે અહીં તહીં ભ્રમણ કર્યા કરે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોકો આરંભમાં ઉત્સાહમાં આવી જઈ કેટલાક પ્રકારની સત્પ્રવૃત્તિઓ શરૂ કરે છે. પાછળથી જોશ ઓસરતાં જ તે બંધ થવા માંડે છે. આ જ વાત વ્યક્તિગત ઉત્સાહ માટે લાગુ પડે છે. કેટલીય વ્યક્તિઓ આવેશમાં આવી જઈને પરમાર્થના રસ્તે ચાલવા માટે અગ્રેસર થાય છે. પાછળથી તેઓ પણ ધીમા પડી જાય છે. આવી રીતે વ્યક્તિઓનું, સત્પ્રવૃત્તિઓનું સુસ્ત થવાનું શરૂ થઈ જાય છે. ઈચ્છા હોવા છતાં શિથિલતા કશું કરવા દેતી નથી. આવી પ્રવૃત્તિઓ અને આવી વ્યક્તિઓનો સંપર્ક રાખીને તેમનામાં ઉત્સાહ ઉત્પન્ન કરવો અને પુનઃજાગૃત કરવા માટે ઉપદેશ આપવો. એટલું જ નહિ પરંતુ ખભેખભા, કદમ સાથે કદમ મિલાવવાનું પણ જરૂરી બને છે. આ કાર્ય ઉત્તમ વાનપ્રસ્થીએ નિરંતર કરતા રહેવું પડે છે.

**મધ્યમ સ્તર** - મધ્યમ વાનપ્રસ્થી એ છે કે જેમને માટે ઘર-પરિવારની વચ્ચે રહીને પોતાના નિકટવર્તી ક્ષેત્રમાં કામ કરવું વધારે સુવિધાજનક બનતું હોય છે. તેમાં તે પરિવારને જરૂર પડે માર્ગદર્શન, સલાહ, નિયંત્રણ અને સહયોગનો લાભ પણ આપતા રહે છે. સુવિધાજનક જીવન વ્યતીત કરવાનો સુયોગ પણ મળતો રહે છે અને નિકટવર્તી પરિચયક્ષેત્રમાં પોતાનું કામ પણ કરતા રહે છે. કોઈ ખાસ વિઘ્ન આવે તો જુદી વાત છે, નહિતર તેમની પોતાની રુચિનો વિષય પરમાર્થ જ હોય છે. પોતાના સમય, શ્રમ અને મનોયોગને તેમાં જ ખર્ચે છે. ઘરે રહેવા છતાં જલકમળવત્ સ્થિતિમાં જ રહે છે. એકાંત નિવાસ માટે ઘરમાં અથવા કોઈ નજીકના મંદિર વગેરેમાં પોતાનો નિવાસ રાખે છે, જેનાથી પોતાના વિરક્ત સ્તરનું ભાન સતત થતું રહે.

**કનિષ્ઠ સ્તર** - કનિષ્ઠ વાનપ્રસ્થ એ છે જેમાં કૌટુંબિક જવાબદારીઓ નિભાવવાનું કાર્ય પણ જોડાયેલું છે. બાળકો નાનાં છે, પત્ની શારીરિક અથવા માનસિક દૃષ્ટિએ બીમાર છે. બીજી લાચારીઓ એવી છે જેને કારણે ઘર છોડીને બીજે જવું સંભવ નથી. કુટુંબ માટે આજીવિકાનું ઉપાર્જન કર્યા સિવાય છૂટકો નથી. આવી સ્થિતિમાં કનિષ્ઠ વાનપ્રસ્થ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લઈ શકાય છે, પરંતુ એમાં પણ બે શરતો તો પાળવી જ પડે છે. એક તો એ કે ઉત્તમ અને મધ્યમ વાનપ્રસ્થીની જેમ સંતાનોત્પાદન બંધ કરી દેવામાં આવે અને પોતાની નજીકના ક્ષેત્રમાં જ્ઞાનયજ્ઞ તેમ જ સત્પ્રવૃત્તિઓનાં અભિવર્ધનમાં દરરોજના ઓછામાં ઓછા ચાર કલાક વ્યતીત કરે. પ્રભુ સમર્પિત જીવન પ્રત્યે ઊંડી શ્રદ્ધા રાખીને પોતાના માટે ઘર પરિવારના સંરક્ષક, માળી જેવી ઈશ્વરીય નિયુક્તિની માન્યતા રાખી શકે છે. રજાના દિવસોમાં તપ સાધના માટે વધારે દૂર સુધી જઈ શકે છે. પરંતુ સાધારણ સંજોગોમાં નિકટવર્તી સંપર્કક્ષેત્રો જ તેમની તપસાધનાનો પરિધ બની રહે છે. આટલું સાહસ કરનાર પણ ઢળતી ઉંમરના શ્રેષ્ઠતમ સદુપયોગ વાનપ્રસ્થનો એક હદ સુધી લાભ ઉઠાવી શકે છે.

## વણસમજે જૂનાને વળગી ન રહો

વાનપ્રસ્થી, વણસમજયે જૂનાને વળગી રહીને જયાં ત્યાં કામકાજ વગર મડદાની જેમ પડી રહેલા, સડતા નજરે ચડે છે. ગૃહક્લેશથી તંગ આવી ગયેલા, ડગલે ને પગલે અપમાનિત થતા, આળસ અને પ્રમાદથી પોતાની આદતોને તદ્દન હલકી બનાવીને નિરાંતનો શ્વાસ લેવા અને મફતનો રોટલો તોડવા માટે જે તે આશ્રમમાં જગ્યા રોકતા જોવા મળે છે. ઊંધી-છતી માળા ફેરવતા અને જયાં ત્યાં દેવદર્શનની સહેલસપાટી કરતા અને કહેવાતા સત્સંગોમાં ઊંઘતા હજારો લાખો લોકો જયાં ત્યાં જોવા મળે છે. કોઈકે વાનપ્રસ્થના વાઘા પહેર્યા છે, કોઈકે સંન્યાસીનાં વસ્ત્રો ધારણ કર્યાં છે. આવા પૃથ્વી પર ભારરૂપ જીવંત મૃતકોની સંખ્યામાં વધારો કરવાનો અમારો જરા પણ ઉદ્દેશ નથી. અમારે તો તેજસ્વી, મનસ્વી, કર્મવીર અને આત્મકલ્યાણ તથા વિશ્વકલ્યાણ માટે પ્રબળ પુરુષાર્થથી જોડાઈ જનાર પરમાર્થ-પરાયણ વ્યક્તિઓ જોઈએ. તેવાને જ વાનપ્રસ્થમાં પ્રવેશ કરવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## આસ્થાહીન વ્યક્તિ - વાનપ્રસ્થી ન બને

વાનપ્રસ્થપરક પરમાર્થ જીવનમાં પ્રવેશ કરનારે જ્ઞાન-સાધના અને યોગ-સાધના દ્વારા આત્મબળ મેળવવાનું છે, તો લોકકલ્યાણ માટે પોતાની વિભૂતિઓને સમર્પિત કરીને વિશ્વમાનવને વધારે ને વધારે શ્રેષ્ઠ-સમુન્નત બનાવવા માટે સદાય મગ્ન પણ રહેવાનું છે. જેમને સેવા ધર્મ પર શ્રદ્ધા ન હોય, ફક્ત જપ-તપ અને નિવૃત્તિમય એકાંત સમય વ્યતીત કરવો હોય અથવા સુખચેનથી, કોઈ ઝંઝટ વિના દિવસો પસાર કરવા હોય તેમણે આ ક્ષેત્રમાં પ્રવેશ ન કરવો જોઈએ. તે સ્થિતિ મૃત્યુ સમય વગેરે નજીક આવી જવાથી થાકેલા હારેલા અશક્ત-અસમર્થ લોકો માટે જ યોગ્ય હોઈ શકે. તેને વૈરાગ્ય નિવૃત્તિ, સંન્યાસ વગેરે ગમે તે નામ ભલે આપવામાં આવે, પરંતુ તેને તેજસ્વી વાનપ્રસ્થ સાથે તો ન જ જોડી શકાય.

## આપણે સમાજદ્રોહી ન બનીએ

જ્યાં  મનુષ્ય પાસે સમાજે આપેલી અગણિત સુખ-સુવિધાઓ છે. ત્યાં તેના પર એ જવાબદારી પણ લાદવામાં આવી છે કે તે સામાજિક ઉત્કર્ષ માટે વધુ ને વધુ યોગદાન આપે અને લોકસેવાની દૃષ્ટિએ એટલું કાર્ય કરી બતાવે જેનાથી તેના પર ચઢેલું ભારે ઋણ કોઈ ને કોઈ રીતે ચૂકવી શકાય અથવા ઓછું થઈ શકે, આ જવાબદારીની ઉપેક્ષા કરે છે તેને સમાજદ્રોહી કહી શકાય.

## મિશન, સંસ્થાઓ - ઉદ્દેશહીન ન બને

દેશમાં મિશનોની કમી નથી. એ પહેલેથી જ ઘણાં હતાં અને હવે તો દરરોજ નવાં બનતાં જાય છે, ખૂલતાં જાય છે. આમ તો આ બધાની પાછળ સારા ઉદ્દેશોનું ઘોષણાપત્ર છપાયેલું હોય છે, પરંતુ તેમાં મોટાભાગનાનું નિર્માણ વ્યક્તિગત યશ-લોલુપતાની પૂર્તિ માટે હોય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. અમુક વ્યક્તિઓની પરોપકારી લોકસેવી હિતસાધકોમાં ગણના થવા માંડે, જનતા તેમને જાણે અને તેમનું સન્માન કરે, મળેલા સન્માનને આધારે બીજી રીતે આર્થિક લાભ અને બીજા લાભ ઉઠાવી શકાય, ઘણુંખરું આવાં જ નાનાંનાનાં કારણો નવીનવી સંસ્થાઓને જન્મ આપે છે. આટલું હોવા છતાં ય એવાં મિશનોની, સંસ્થા-સંગઠનોની કમી નથી જેનું ખરેખર સારા ઉદ્દેશથી નિર્માણ થયું છે અને જેની પાછળ વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષા નહિ પરંતુ વિશુદ્ધ પરમાર્થની ભાવના જ કામ કરે છે. આની તો વૃદ્ધિ અને વિકાસ થવો જોઈતો હતો, પરંતુ દુર્ભાગ્ય તો એ વાતનું છે કે જે નક્કર આધાર અને ઉચ્ચ ઉદ્દેશથી ચલાવવામાં આવે છે તે ભલે બંધ થઈ જાય પણ તેનો વિકાસ તો થવો જ જોઈતો હતો. તેનો પણ પ્રગતિ પ્રવાહ બંધ થાય એ નિશ્ચિતપણે એક દુ:ખદ વિડંબના જ છે.

## મિશનરીઓની જરૂરિયાત

સંસ્થાઓ તેમજ મિશનોની પડતીનાં કારણની ઊંડાણપૂર્વક તપાસ કરવાથી એ ફલિત થાય છે કે મિશન તો છે પણ મિશનરીઓનો પત્તો નથી. મહત્ત્વ સંસ્થાનોનું નથી, એ વ્યક્તિઓનું છે જે બીજની જેમ ઓગળી જઈને સંગઠનોનું વિશાળ વૃક્ષ ઊભું કરે છે. ત્યાગ-બલિદાનનું ખાતર-પાણી આપ્યા વિના, પ્રખર વ્યક્તિઓના શ્રમ અને સંરક્ષણ મેળવ્યા વિના કોઈ પણ મિશનનો વિકાસ થવો અસંભવ છે. પાયામાં મજબૂત પથ્થર નાખેલા હશે તો જ મજબૂત ઈમારત ઊભી થઈ શકશે. આ કાર્ય મિશનરી પોતાના સમય-શ્રમનું, હાડમાંસનું, ત્યાગ-બલિદાનનું યોગદાન આપીને જ પૂરું કરે છે અને એ જ પોષણ મેળવીને મિશન વિશાળકાય વટવૃક્ષ રૂપે ફૂલે ફાલે છે. આ જરૂરિયાત પૂરી નહિ કરી શકાય તો સંસ્થાપિત મિશનોમાંથી કોઈનો પણ યોગ્ય વિકાસ થઈ શકશે નહિ. તે લેટરપેડ, રજિસ્ટર અને બોર્ડના ઉપહાસમાં અટવાતું જ્યાંનું ત્યાં જ રહેશે.


Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## વાનપ્રસ્થ - સંન્યાસનું સાચું સ્વરૂપ સમજવામાં આવે

સેવા ધર્મની વાત વૃદ્ધોને સૂઝતી જ નથી. આત્મચિંતન, આત્મસુધાર, આત્મનિર્માણ તેમજ આત્મવિકાસનો આદર્શ તેમની સામે ટકતો જ નથી. આવી દશામાં વાનપ્રસ્થની ઉપયોગિતા બિચારા સમજી જ કેવી રીતે શકશે ? બહુ થાય તો નિવૃત્તિ અને શાંતિના બહાને કોઈ આશ્રમમાં રૂમ બનાવીને જિંદગીના નકામા દિવસો વિતાવવા માટે પડ્યા રહે છે અને દેવદર્શન, કથા-ભજનમાં સમય વિતાવે છે. અત્યારે વાનપ્રસ્થ-સંન્યાસનો આવો જ મૃતક જેવો જીવનક્રમ છે. કેટલાક ચતુર લોકો તો પોતાની અઢળક સંપત્તિ પોતાના પુત્ર-પૌત્રોમાં વહેંચી દે છે અને ભિક્ષાની રોટલી ખાઈને અન્ય પ્રકારે તો પોતાના ઘરવાળાને જ લાભ આપે છે. આવી મોહગ્રસ્ત વિડંબનાને ઉપહાસાસ્પદ જ કહી શકાય. ઉંમરને કારણે નિર્બળ થઈ ગયેલા મનુષ્ય ઘરના લોકોની સેવા લેવાનું વ્યાવહારિક માર્ગદર્શન છોડીને પોતાનો ભાર કોઈ આશ્રમ પર નાખી દે તો આ લોકસેવા ક્યાં થઈ ? આ તો ઊલટું સમાજ પર ભાર વધાર્યો કહેવાય. વાનપ્રસ્થ એવી ઉંમરે જ લેવો જોઈએ જ્યારે ઓછામાં ઓછાં દસ-પંદર વર્ષો તો બરાબર કામ કરવાની ક્ષમતા શરીર અને મનમાં બાકી બચી હોય. આ તથ્યને ધ્યાનમાં રાખીને આપણે યોગ્ય વ્યક્તિઓને પ્રેરણા આપીને, વાનપ્રસ્થ પરંપરાને પુનર્જીવિત કરવી જોઈએ.

મનઃસ્થિતિ જો વિશેષ પુત્રૈષણા, લોકૈષણાથી ઊંચે ઊઠી ગઈ હોય, સંપન્નતા, વિષય-લોલુપતા અને યશલિપ્સાની લાલસા કાબૂમાં આવી ગઈ હોય અને કુટુંબની જવાબદારીનો ભાર ન હોય તો કોઈ પણ ઉંમર વાનપ્રસ્થ માટે યોગ્ય હોઈ શકે છે.

## મહિલા વાનપ્રસ્થીઓની જરૂરિયાત

સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે વાનપ્રસ્થ, સંન્યાસ વગેરે માધ્યમોનો સહારો લઈને પરમાર્થ જીવનમાં પ્રવેશ કરવાનો અધિકાર



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ફક્ત પુરુષોને જ છે. મહિલાઓએ ઘર-ગૃહસ્થીનાં કામ જ સંભાળવાં જોઈએ. કુટુંબની જવાબદારીઓમાંથી નિવૃત્તિ મળે તેવી સ્થિતિ હોવા છતાં તેણે તો ઘરમાં જ રહેવું જોઈએ. વધારેમાં વધારે એવું વિચારી શકાય કે જો પતિ વાનપ્રસ્થ ગ્રહણ કરે તો તેમની સેવા-સહાયતા માટે તે પણ સાથે જઈ શકે છે. આવી જ માન્યતાઓનું ચલણ રહેવાના કારણે આપણા દેશમાં પરમાર્થ પરાયણ મહિલાઓની સંખ્યા ખૂબ ઓછી જોવા મળે છે. તેમ છતાં જો કોઈ હોય તો તેનું કાર્યક્ષેત્ર કોઈ કુટિર, આશ્રમ સુધી સીમિત રહી ગયું હશે. સંન્યાસી જીવન વિતાવવાની રીતિનીતિ અપનાવવાનું સાહસ કોઈ વિરલી જ કરી રહી હશે.

આવી સ્થિતિને બદલવી જોઈએ અને એવું વાતાવરણ ઊભું કરવું જોઈએ કે જવાબદારીઓથી મુક્ત મહિલાઓને પણ વિશ્વમાનવના પુનરુત્થાન અભિયાનમાં ઉત્સાહપૂર્વક નિયોજિત કરી શકાય.

મહિલા જાગૃતિ માટે, પુરુષોમાં ન્યાય બુદ્ધિ ઉત્પન્ન કરવા માટે, સમાજના કર્ણધારોને જગાડવા માટે, સ્ત્રી-પુરુષ વચ્ચે રહેલી અસમાનતા દૂર કરવા સંમત કરવા માટે કોણ જાણે કેટલા પ્રયાસો કરવા પડશે. નારી પુનરુત્થાનની યોજનાઓ એટલા ઊંડાણથી શરૂ કરી શકાશે ત્યારે જ કંઈક થઈ શકશે. ઉપરછલ્લી વાતો તો માત્ર મજાક બનીને જ રહી જશે.

## નારી જાગૃતિનું નેતૃત્વ નારી સંભાળે

આ કાર્ય કોણ કરે ? આ પ્રયાસોનું નેતૃત્વ કોને સોંપી શકાય ? આનો સાચો ઉત્તર મેળવવા સ્ત્રીને જ પૂછવું પડશે. તેને જ આગળની હરોળમાં ઊભી કરવી પડશે. આમાં પુરુષનું પ્રબળ સમર્થન હોવું જ જોઈએ. તેણે જ જરૂરી સાધનો એકત્રિત કરવાં જોઈએ. પેઢીઓથી ચાલ્યા આવતા પાપનું પ્રાયશ્ચિત્ત એ રીતે જ કરી શકશે કે નારી જાગૃતિનું પ્રચંડ આંદોલન શરૂ કરવા માટે તે વધુ ને વધુ ધ્યાન કેન્દ્રિત કરે અને વધુ ને વધુ સાધનો એકત્રિત કરે. આમ હોવા છતાં આ મહાન અભિયાનનું પ્રત્યક્ષ નેતૃત્વ



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નારીના હાથમાં જ રહેવું જોઈએ. આગલી હરોળમાં તેણે જ ઊભા રહેવું જોઈએ. સ્ત્રી સાથે સીધો સંપર્ક સાધવો, ઘરોમાં પ્રવેશ કરવો, મહિલાઓ સાથે દિલ ખોલીને વાતો કરવી, તેમને સાથે લઈ આગળ વધવું એ ફક્ત નારી માટે જ સંભવ બની શકે છે.

## વધુ ને વધુ મહિલાઓ વાનપ્રસ્થી બને

વર્તમાન પરિસ્થિતિ કહે છે કે મહિલાઓએ નારી જાગૃતિનું વ્રત લઈને વધુ ને વધુ સંખ્યામાં વાનપ્રસ્થી બનવું જોઈએ અને જેવી રીતે પુરુષો માટે પુરુષ વર્ગમાં કાર્યક્ષેત્ર ખુલ્લું છે, તેવી જ રીતે વણસ્પર્શ્યા એવા નારીક્ષેત્રમાં પ્રવેશ કરીને તેમણે પોતાના વિશિષ્ટ કર્તવ્યપાલનમાં જોડાઈ જવું જોઈએ.

પુરુષોને ભાષણ આપવા માટે પહેલેથી જ પુરુષ ઉપદેશકોની ભીડ મોટી સંખ્યામાં છે. તેમાં કેટલીક સ્ત્રીઓ પણ ઘૂસી જાય તો નારી પ્રત્યેના સહજ આકર્ષણનું મનોવિજ્ઞાન તેમનું વધારે સ્વાગત કરી શકે છે, પરંતુ તેનાથી કંઈ કામ બનશે નહિ. મહિલા પ્રચારકોએ પોતાનું વણસ્પર્શ્યું ક્ષેત્ર જ સંભાળવું જોઈએ અને તેના સંદર્ભમાં જ વિચારવું- કાર્ય કરવું જોઈએ. તેઓ પુરુષોને પણ જરૂરિયાત અનુસાર ઉદ્બોધન કરે તે માટે કોઈ બંધન નથી, પણ યાદ રહે એ તેનું મુખ્ય કાર્યક્ષેત્ર નથી. તેણે તો નારી જાગરણનો મોરચો જ સંભાળવો જોઈએ. તેમના પ્રવચન અને કર્તવ્યનું કેન્દ્રબિંદુ નારી કલ્યાણની મહાન જરૂરિયાત પૂરી કરવા માટે જ નિર્ધારિત કરવું જોઈએ. આ ઉદ્દેશને પૂરો કરવા માટે બહુ મોટી સંખ્યામાં મહિલા વાનપ્રસ્થીઓની જરૂર પડશે. તેથી તેની પૂર્તિ માટે દરેક વિચારશીલ વ્યક્તિએ પ્રબળ પ્રયત્ન કરવો જોઈએ.

## મહિલા વાનપ્રસ્થીઓનો વર્ગ

પુરુષોની જેમ મહિલા વાનપ્રસ્થીઓના પણ બે વર્ગ હોઈ શકે છે - એક એ કે જેમના પર કૌટુંબિક જવાબદારી બાકી છે અને તે પોતાના



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઘર-પરિવારની સંભાળ રાખતાં રાખતાં પોતાના સ્થાનીય ક્ષેત્રમાં નારી જાગરણ માટે થોડો ઘણો સમય કાઢી શકે છે.

બીજી એવી મહિલાઓ જે દેશવ્યાપી ધર્મ શિક્ષણ માટે દૂરદૂર સુધી જઈ શકવાની સુવિધાથી સંપન્ન છે, જેમની કૌટુંબિક જવાબદારીનો ભાર હવે બીજાના ખભા પર છે અને કોઈ તકલીફ વગર સંન્યાસી જીવન અપનાવી શકે છે.

મહિલા વાનપ્રસ્થીઓનો એક ત્રીજો વર્ગ પણ હોઈ શકે છે, જે પોતાના વાનપ્રસ્થ પતિ સાથે ખભેખભો મિલાવીને કામ કરે છે. કેટલીક સાધનસંપન્ન મહિલાઓ છાત્રાલયોને અથવા યોગ્ય સંબંધીઓને બાળકોની જવાબદારી સોંપીને સેવા ક્ષેત્રમાં આવી શકે છે.

## વિધવાઓ, ત્યક્તાઓ માટે સુવર્ણ તક

વિધવાઓ, ત્યકતાઓ અને મોટી ઉંમરની કુંવારી સ્ત્રીઓનો એક એવો વર્ગ છે જેમને માટે લગ્નનું દ્વાર એક રીતે બંધ જ થઈ ગયું છે. જેમના પર બાળકોની જવાબદારી નથી તેવા માટે આ આત્મકલ્યાણ અને સેવા-સાધનાનું પવિત્રતમ કાર્યક્ષેત્ર ઈશ્વરદત્ત વરદાનની જેમ મંગલમય માની શકાય છે. સંતાન ન હોવાનું લાંછન લગાવીને જેમનો પતિ બીજું લગ્ન કરવા માટે આતુર છે તેવી સ્ત્રીઓ રોજનાં મહેણાં સાંભળીને પોતાને વગર આગે સળગતી રહેવાના કષ્ટમાંથી બચાવી શકે છે. એવી મહિલાઓ એમ સમજે કે જાણે કે આવી અસુવિધાજનક સ્થિતિ ઈશ્વરે તેમને આવા વિશેષ પ્રયોજન માટે વરદાન રૂપે જ આપી છે. જો ભૌતિક લાલસાઓથી વિરક્ત થઈને આવા પ્રકારની ભાવનાત્મક ઉત્કૃષ્ટતા અપનાવવાનું સાહસ એકત્રિત કરી શકે તો સમજવું જોઈએ કે તેમનું દુર્ભાગ્ય સાચા અર્થમાં સૌભાગ્ય બની ગયું. આનાથી તે પોતાનું જ નહિ, સમસ્ત માનવ સમાજનું, નારી સમાજનું હિત-કલ્યાણ કરીને ધન્ય બની શકશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## સમયદાની વાનપ્રસ્થી

જેને જ્યારે જેટલો સમય મળે એટલા સમય માટે પરમાર્થ હેતુસર પોતાનો સમય વ્યતીત કરવાનો નિશ્ચય કરે અને તેણે ક્યાં શું કરવાનું છે, તેની માહિતી યુગ નિર્માણ યોજના, મથુરાથી મેળવી લે. આવી રીતે દરેક વ્યક્તિ થોડોથોડો સમય પણ આપશે તો એ બધાંનું ભેગું પરિણામ બહુ મોટું આવશે. એક લાખ વ્યક્તિ આવી રીતે થોડોથોડો સમય આપનારી હોય તો એ બધાનું એકત્રિત કાર્ય હજારો નિયમિત એક પૂરા જીવન માટે સાધુ સંસ્થામાં પ્રવેશ કરનાર જેટલું થઈ જશે. આ પ્રક્રિયા સરળ રહેશે. આ યોજના અંતર્ગત વ્યસ્ત અને કૌટુંબિક બોજથી લદાયેલી વ્યક્તિ પણ થોડોઘણો સમય આપતી રહેશે તો તેમને એવું દુઃખ નહિ રહે કે અમે ઘરેલુ ઝંઝટોમાં પડ્યા રહ્યા તેથી યુગના પોકારને પૂરો ન કરી શક્યા. ભલે પૂરેપૂરો નહિ, પરંતુ થોડો પણ અવકાશ મેળવીને આત્મસંતોષ મેળવી શકે છે અને કહી શકે છે કે માનવતા પર છવાયેલા વિષમ સમયે અમે મૂકદર્શક બનીને રહેનાર અભાગી વ્યક્તિઓમાંના એક નથી. જેટલું સંભવ હતું, એટલું તો કર્યું જ છે.

## ક્યાં, કેવી રીતે, ક્યારે અને શું કરવું ?

આ યુગમાં સાધુ સંસ્થાનું પ્રતિનિધિત્વ એવા વાનપ્રસ્થીઓએ કરવાનું છે. જેમનામાં માત્ર ભાવના જ નહિ પરંતુ લગન, યોગ્યતા અને પુરુષાર્થપરાયણતાની પણ કમી ન હોય. જે પહેલાં પોતાના ગુણ, કર્મ, સ્વભાવનું, ચરિત્રનું તેમ જ વ્યક્તિત્વનું નિર્માણ કરે. આજે જ લોકકલ્યાણની ક્રિયા-પ્રક્રિયામાં એટલી જ તત્પરતાથી પ્રયત્ન કરે, જેવી રીતે સંસારી લોકો ધન અને પ્રશંસા મેળવવા માટે તનતોડ મહેનત કરે છે. જો આવાં નર-રત્નોનું ઉત્પાદન-અભિવર્ધન સંભવી શકે તો આશા રાખી શકાય કે જનમાનસનું ભાવનાત્મક નવનિર્માણ કરવું સંભવ થઈ શકશે અને એ આધારે સંકટગ્રસ્ત માનવતાને અનેક વિપત્તિઓમાંથી ઉગારી શકાશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જો નિષ્ઠાવાન લોકસેવકો પેદા ન થઈ શકે તો પતનના તોફાની પ્રવાહને બીજી કોઈ રીતે રોકી શકાશે નહિ. તે સમયે શિક્ષણ અને સંપત્તિ વધારવા માટે કરવામાં આવતા વિવિધ ઉપાયો બાળરમતની જેમ ચાલતા તો રહેશે પણ એનાથી કશું ઉપજશે નહિ.

ક્યાં, કોણે, ક્યારે, કેવી રીતે શું કરવું પડશે ? એને માટે કોઈ ચિરસ્થાયી લક્ષ્મણરેખા ખેંચી શકાતી નથી. વ્યક્તિની યોગ્યતા, અભિરુચિ, સમયની માંગ, સાધનોની સુવિધા એ બધું જોયા પછી કાર્યક્રમોનું નિર્ધારણ અને પરિવર્તન થતું રહેશે. બદલાતી પરિસ્થિતિઓમાં બદલાયેલાં પગલાં ઉઠાવવા માટે આપણે આપણા મનને ખુલ્લું રાખવું પડશે. લક્ષ્ય સાધવા માટે કાર્યક્રમ બને છે. કાર્યક્રમોની સાથે લક્ષ્યને જોડી શકાતું નથી. ક્ષેત્ર તેમ જ વર્ગની ભૂતકાલીન પરંપરાઓની સાથે ભાવનાત્મક નવનિર્માણના લક્ષ્યને જોડવાથી જે ક્રિયા પદ્ધતિનો વિકાસ થતો જશે તેને કોઈ દુરાગ્રહ રાખ્યા વિના અપનાવવામાં આવશે. અમે સત્ય અને તથ્યના પૂજારી છીએ. અમારે ન્યાય અને વિવેકનું સમર્થન કરવાનું છે.

સામાન્ય રીતે વાનપ્રસ્થીઓનો કાર્યક્રમ બૌદ્ધિક ક્રાંતિ, નૈતિક ક્રાંતિ, સામાજિક ક્રાંતિની તૈયારીમાં સંલગ્ન રહેવાનો છે. આપણી સામે તે વણસ્પર્શ્યું એવું વિસ્તૃત કાર્યક્ષેત્ર ખાલી પડ્યું છે. જેના વિના બાકી તમામ ભૌતિક યોજનાઓ અપંગ અને અસફળ જ બની રહેશે. અમારે કોઈની સાથે હરીફાઈ નથી કરવી. અનીતિ અને અવિવેક સિવાય બીજા કોઈ સામે અમારી કોઈ લડાઈ નથી. બધાના સત્પ્રયત્નોમાં સહયોગ આપીશું અને બધા વર્ગના વિચારશીલોની સદ્ભાવના-સહકારિતાનું આહ્વાન કરીશું. અમારો દૃષ્ટિકોણ નથી સંકુચિત કે નથી અમારી કાર્યપદ્ધતિ સંકુચિતતાના સીમાવર્તુળમાં ઘેરાયેલી. અમે વિશાળ કામોની વાતનો જ વિચાર કર્યો છે અને તેને જ વાનપ્રસ્થ સંસ્થા વિચારતી રહેશે- અપનાવતી રહેશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

નવનિર્માણની અંદર વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણ તેમ જ સમાજ નિર્માણના વિવિધ કાર્યક્રમો આવે છે. સ્વસ્થ શરીર, સ્વચ્છ મન અને સભ્ય સમાજની અભિનવ રચના અમારા કર્તવ્યનું મુખ્ય અંગ છે. તેને માટે પ્રચારાત્મક, રચનાત્મક તેમજ સંઘર્ષાત્મક પ્રવૃત્તિઓ અપનાવવામાં આવશે. પ્રથમ ચરણમાં પ્રચાર તંત્રને સુદઢ કરવામાં આવશે. જ્ઞાનયજ્ઞનો પ્રકાશ ફેલાવવામાં આવશે, વિચારક્રાંતિનું બીજ વાવવામાં આવશે.

દરેક વ્યક્તિની પોતપોતાની યોગ્યતા હોય છે તેમ જ પોતપોતાની અભિરુચિ. વાનપ્રસ્થીઓમાંથી કોને, ક્યાં, ક્યા ઉદ્દેશ માટે યોગ્ય ઠરાવી શકાય તેનો નિર્ણય તેની ક્ષમતા તેમ જ વિશેષતાનું વિશ્લેષણ કર્યા પછી જ કરી શકાય છે. તે વખતોવખત વાનપ્રસ્થ સંગઠન સુદઢ બન્યા પછી નક્કી કરવામાં આવતું રહેશે.

## કોણે વાનપ્રસ્થ ક્ષેત્રમાં પ્રવેશ ન કરવો

જેમની યોગ્યતા, શિક્ષણ, પ્રતિભા નગણ્ય છે, જેઓ ઉંમરને કારણે ક્ષીણ થઈ ગયા છે તેવા માટે પોતાના ઘેર રહેવું એ જ સર્વોત્તમ છે. પોતાની સ્થિતિ અનુસાર તે પોતાની આસપાસનાં જે જે સેવા કાર્ય થઈ શકે એમ હોય તે કરે. બહાર જઈને જ્ઞાનયજ્ઞ જેવા મહત્ત્વપૂર્ણ કાર્યને તે કેવી રીતે સંભાળી શકશે ? સેવા કરવાને બદલે પોતાના નિર્વાહનો ભાર બહારવાળા પર જ નાંખશે. તેમને ઘર છોડવા માટે પ્રોત્સાહિત કરીને દિશાહીન ન કરવા જોઈએ. પોતાના પર થતા ખર્ચથી વધારે મૂલ્યની સેવા કરી શકવાનું શક્ય ન હોય તો લોકો પર ભારરૂપ બનીને પુણ્યને બદલે પાપ શા માટે કમાવું જોઈએ ? વાનપ્રસ્થ માટે દરેક વ્યક્તિઓને નહિ પણ, એવી વ્યક્તિઓને જે પ્રોત્સાહિત કરવી જોઈએ જેમનામાં સેવા ક્ષમતાની પર્યાપ્ત માત્રા છે. આવા લોકો પાસે જો ઘરની આજીવિકા હોય તો સેવા સાધનાના દિવસોમાં પણ પોતે જ ખર્ચ કરવું જોઈએ, જેથી પુણ્ય પરમાર્થનો યોગ્ય સંગ્રહ થઈ શકે. આવી વ્યવસ્થા ન હોય



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તો વધુમાં વધુ ભોજન, વસ્ત્ર જેવી નિર્ધન સમાજના સ્તરની નિર્વાહસામગ્રીનો જ સ્વીકાર કરી શકાય છે. તેનાથી વધારે કમાઈને ભેગું કરવાની ઈચ્છા રાખીને આવા પવિત્ર ક્ષેત્રમાં કોઈએ પ્રવેશવું ન જોઈએ. ધર્મને વ્યવસાય બનાવીને ચાલનારનો તો ઘોર ઉપહાસ જ કરી શકાય, વેતન, પારિતોષિક કે દાન-દક્ષિણા લેવાની જેને જરૂર લાગતી હોય તેમણે વાનપ્રસ્થ ક્ષેત્રમાં પ્રવેશ ન જ કરવો જોઈએ.

## ધનવાન વ્યક્તિઓ સહયોગ આપે

સેવાભાવી, સુયોગ્ય, પ્રતિભાસંપન્ન વ્યક્તિ આર્થિક મુશ્કેલીને કારણે વાનપ્રસ્થી બનવામાં સંકોચ કરે છે, તો ધનવાન વ્યક્તિ પોતાને ત્યાંની સુયોગ્ય વ્યક્તિઓનું ખર્ચ પોતે આપીને સહયોગી બની શકે છે. જે સ્વયં વાનપ્રસ્થ લેવાની સ્થિતિમાં નથી પણ બીજાને સુવિધા-સહયોગ આપીને તેમના માર્ગની મુશ્કેલી આર્થિક સ્વરૂપે હલ કરવા માટે યોગ્ય હોય તે પણ આ યજ્ઞમાં આહુતિ આપી શકે છે. આવી વ્યવસ્થા થઈ શકવાથી પણ અનેક સુયોગ્ય સેવાભાવી પરંતુ આર્થિક મુશ્કેલીને કારણે મન મારીને બેઠેલી વ્યક્તિઓનો માર્ગ સરળ બની શકે છે.

## યુગ નિર્માણ પરિવારના વાનપ્રસ્થી શું કરશે ?

ધર્મતંત્રના માધ્યમ દ્વારા લોક શિક્ષણથી જ રચનાત્મક તેમજ સંઘર્ષાત્મક કાર્યક્રમોનું સંચાલન થઈ શકે છે. તેનો પ્રત્યક્ષ પરિચય યુગ નિર્માણ પરિવારની હજારો શાખાઓ, શક્તિપીઠો, પ્રજ્ઞાપીઠોની ક્રિયાઓ જોઈને સહજ રીતે સમજી-જોઈ શકાય છે. યુગ નિર્માણ યોજનાનું લક્ષ્ય બૌદ્ધિક ક્રાંતિ, નૈતિક ક્રાંતિ તેમજ સામાજિક ક્રાંતિના માધ્યમથી જનમાનસની શુદ્ધિ કરીને આ ધરતી પર સ્વર્ગનું અવતરણ તેમજ મનુષ્યમાં દેવત્વનો ઉદય કરવાનું છે. આ ઉદ્દેશ પૂરો કરવા માટેના આયોજનોમાં પ્રવચન, ઉદ્‌બોધનની જરૂરિયાત પૂરી કરવા માટે નાનાં-મોટાં કાર્યાનુષ્ઠાનો તેમ જ સંમેલન યોજવા માટેની વ્યવસ્થા કરવામાં



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવે છે . તે ઉપરાંત જ્ઞાનની જ્યોત ઊર્ધ્વગામી બનાવવા માટે સાહિત્યનું પ્રકાશન તેમજ પ્રચાર-પ્રસાર ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે. ઝોલા પુસ્તકાલય, જ્ઞાન મંદિર સ્થાપના, પત્રિકાઓના માધ્યમથી લોકો સુધી વિચારધારાઓ પહોંચાડવામાં આવે છે. સંગઠન પોતાના સભ્યોમાં ઘનિષ્ઠતા ઉત્પન્ન કરવાનો, સદ્ભાવના તેમ જ સત્પ્રવૃત્તિઓ વધારવાનો પ્રયત્ન કરે છે અને આ દેવ સમાજને કંઈક રચનાત્મક કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

યુગ નિર્માણ આંદોલનનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે ગામડાં છે. શહેરોમાં પહેલેથી જ એટલાં બધાં સંગઠન અને આંદોલન ઊભાં થઈ ગયાં છે કે આ જંજાળથી લોકો ભયગ્રસ્ત થઈને આ કાર્યો પ્રત્યે અરુચિ તેમજ ઉપેક્ષા દર્શાવવા લાગ્યા છે. યુગ નિર્માણ આંદોલને કાર્યક્ષેત્ર ગ્રામીણ, અછૂત, પરંતુ અસલી ભારતને બનાવ્યું છે. પ્રચારાત્મક કાર્ય પૂરું થતાં સંગઠન સુદૃઢ થયા પછી રચનાત્મક, સંઘર્ષાત્મક કાર્યો શરૂ કરવાનાં છે.

શાખાઓ અને કાર્યકર્તાઓએ જે કાંઈ કરવું પડે છે તેના માટે બહારથી ઉત્સાહ આપવા તેમજ માર્ગદર્શન આપવા માટે કોઈ પ્રાણવાન વ્યક્તિ તેમના સુધી નથી પહોંચતી. પરિણામે ઉત્સાહ ક્યારેક રહે છે તો ક્યારેક મંદ પડી જાય છે અને ક્યારેક તો અત્યંત ખરાબ રીતે ખતમ થઈ જાય છે. તેમાં સ્થિરતા લાવવા માટે એ જરૂરી છે કે પ્રભાવશાળી માર્ગદર્શકને કેન્દ્રમાંથી મોકલવામાં આવે, જે સક્રિય સદસ્યો તેમજ કર્મઠ કાર્યકર્તાઓને સાથે લઈને ખભેખભા મિલાવીને કામ કરે. એકબીજાના સહયોગથી ચાલવાનો આરંભ કરીને સુસ્ત વાતાવરણને ઉમંગભર્યા ઉત્સાહમાં પરિવર્તિત કરે. આ કાર્ય વાનપ્રસ્થીઓએ નિભાવવું જોઈએ. સક્રિય શાખાઓમાં જઈને થોડું માર્ગદર્શન આપે. દરેક સર્જન સૈનિક સાથે વ્યક્તિગત સંપર્ક સ્થાપિત કરે અને તેમની સુસ્તતાનું નિરાકરણ કરીને સક્રિયતા ઉત્પન્ન કરે. એક વાનપ્રસ્થના ચાલ્યા ગયા પછી તે સ્થાન પૂરવા માટે નવા વાનપ્રસ્થ પહોંચતા રહે તો એ નવીનતામાં નવીન વ્યક્તિઓથી શાખાઓને અભિનવ પ્રકાશ મળતો રહે છે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## નર-રત્નોની જરૂરિયાત

ભારતના ખૂણેખૂણેથી એવા પ્રખર નેતૃત્વની માંગ છે, જે મંચ પર બેસીને માત્ર અભિનય કરી, પોતાની લોકૈષણા તૃપ્ત કરીને સંતોષ ન માને, પરંતુ કાર્યક્ષેત્રમાં ઊતરીને સ્વયં કાર્યકર્તાને સાથે લઈને ચાલે. તેની સાથે ખભેખભો મિલાવીને, પગલે પગલું મેળવીને ચાલતાં શીખવે. નિરહંકારી, લૌકેષણાથી વિમુક્ત વાનપ્રસ્થી પાસે આવી આશા સહજ રીતે જ કરી શકાય. ઝવેરીઓની જેમ નર-રત્નોના ઉત્પાદક અને સુધારક વાનપ્રસ્થ વિશ્વમાનવની અત્યંત મહત્ત્વપૂર્ણ જરૂરિયાત પૂરી કરી શકે છે તે સુનિશ્ચિત અને સુસ્પષ્ટ છે.

## અત્યંત ઉપયોગી કાર્ય જનસંપર્કથી જ શક્ય બનશે

યુગ નિર્માણ યોજનાનું ક્ષેત્ર અત્યંત વ્યાપક છે. તેનો વિસ્તાર થવાની અગણિત સંભાવનાઓ ભવિષ્યના ગર્ભમાં છુપાયેલી પડી છે. રચનાત્મક અને સંઘર્ષાત્મક કાર્યો માટે આગળ ડગલું માંડવું જ જોઈએ. દશેય દિશાઓ તેની પ્રતીક્ષા કરી રહી છે. જનમાનસને જાગૃત કરવા માટે હજુ કેટલાય આધારો હાથ પર લેવાના બાકી જ છે. તેના માટે હજુ એટલાં રચનાત્મક પગલાં ઉઠાવવાનાં છે, જે અત્યાર સુધીની સફળતા સામે હજારોગણા વધારે મોટા વિસ્તારનો સાધન સરંજામ ભેગો કરી શકે.

યુગ સાહિત્ય પ્રકાશનનું તંત્ર વિશાળ અને સુદૃઢ બનાવવું, બધી જ ભાષાઓમાં પ્રકાશન કરવું, દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયનું સંચાલન, ભારત તેમ જ વિદેશોમાં સંગઠન સુદૃઢ   વ્યવસ્થિત બનાવવું ,વગેરે અનેક કાર્યો મોટાં અને મહત્ત્વપૂર્ણ છે. ૬૦૦ કરોડ લોકોના વિચાર પરિવર્તન (બ્રેઈન વોશ) માટે કરોડો વાનપ્રસ્થી તૈયાર કરવાના છે.

ઉપર જણાવેલ સ્તરનાં અનેક કાર્યો છે, જે લોકજાગૃતિની મહાન ભૂમિકા પ્રસ્તુત કરી શકે છે. તેમને વ્યક્તિઓ અને સાધનોની ઊણપ નથી રહેતી, પરંતુ મુશ્કેલી એ છે કે પ્રેરણા અને પોકાર પોતાના સ્થાને



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહીને બૂમો પાડતાં રહે છે અને ઉપયોગી વ્યક્તિઓ અને પ્રચુર સાધનો પોતાના સ્થાને મૂર્છિતની જેમ પડ્યાં છે. બંન્નેને એકબીજાના સાથે મેળવવાની કડી ક્યાંય જોડાઈ શકતી નથી. આ કડી જોડવા માટે વાનપ્રસ્થીઓનું સંન્યસ્ત જીવન પોતાની રીતે અનોખી ભૂમિકા પ્રસ્તુત કરી શકે છે. વાનપ્રસ્થીઓનો જનસંપર્ક આવા પ્રકારના અનેક આધાર પણ ધર્મ પ્રચારની સાથેસાથે પ્રસ્તુત કરી શકે છે.

## વિશ્વકલ્યાણ માટે અગ્રેસર થાઓ

દુષ્પ્રવૃત્તિઓ સાથે લડવા માટે એક મોટી સેનાની આવશ્યકતા છે, જે ભલે રીંછવાનર જેવી હોય, પરંતુ તેમાં આદર્શવાદિતાના, ત્યાગ-બલિદાનના, ભાવપૂર્ણ ઉમંગો હિલોળા અવશ્ય લઈ રહ્યા હોય. તેના માટે એવા પ્રબુદ્ધ લોકોનું દ્વાર ખખડાવવું પડશે જેમની જરૂરી પરમાર્થ બુદ્ધિની સાથેસાથે કૌટુંબિક સ્થિતિ પણ એવી હોય કે વેતન લેવાની જરૂરિયાત અનુભવ્યા વિના પોતાની પ્રતિભાનું અનુદાન વિશ્વમાનવનાં ચરણોમાં સમર્પિત કરતાં ખચકાટ ન અનુભવે. આ સ્તરના લોકોને જ વાનપ્રસ્થી કહી શકાય - આપણા ધર્મપરાયણ દેશમાં જો સાંસ્કૃતિક પુનરુત્થાનની પ્રાણપ્રક્રિયાને, વાનપ્રસ્થ આદર્શને પુનર્જીવિત કરી શકાય તો વિશ્વની વિષમ પરિસ્થિતિઓમાં ક્રાંતિકારી પરિવર્તન ઉત્પન્ન કરવું કંઈ અઘરું નહિ લાગે. માનવજાતિને વર્તમાન દયનીય પરિસ્થિતિમાંથી ઉગારીને વિશ્વનો કાયાકલ્પ કરી શકવાનું આજે ભલે મુશ્કેલ લાગે, પરંતુ જ્યારે વાનપ્રસ્થ પ્રવાહને પુનર્જીવિત કરી શકવાનું સંભવ બનશે તો જટિલ ગૂંચનો હલ સરળતાથી નીકળશે. દેશ-વિદેશમાં જનજાગરણનો શંખ ફૂંકનાર, ધર્મ અને અધ્યાત્મની ઉપયોગિતા પોતાના પ્રખર વ્યક્તિત્વથી પ્રામાણિકતા રૂપે સિદ્ધ કરનાર મહામાનવોને ઈષ્ટ પ્રમાણમાં જો વિશ્વકલ્યાણ માટે આગળ લાવી શકીએ તો એ બહુ જ મોટી વાત છે. તેને યુગ નિર્માણ પરિવારની મહાનતમ ઉપલબ્ધિ કહી શકાશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## સમાજ ઋણ ચૂકવવામાં પાછળ ન રહો

ઢળતી ઉંમર જેને વાનપ્રસ્થ કહે છે, તે સમાજનું ઋણ ચૂકવવા માટે હોય છે. સામાજિક સહયોગ વગર માનવ જીવનનો સ્હેજ પણ વિકાસ થઈ શકતો નથી. બીજા જીવો પોતાના એકલાના સહારે પોતાનો નિર્વાહ કરી લે છે, પરંતુ મનુષ્ય માટે એ શક્ય નથી. તે ડગલે ને પગલે બીજાની સહાયતા પર આધારિત રહે છે અને જેને જેટલો સારો સહયોગ મળે છે તે એટલો જ સુખી અને સમુન્નત બની શકે છે. આ તથ્યએ દરેક મનુષ્યને સમાજનો ઋણી બનાવી રાખ્યો છે. આ ઋણ ચૂકવ્યા સિવાય જે મરી જાય છે તેને શાસ્ત્ર અનુસાર નર્કમાં જવું પડે છે. જ્ઞાન - ઉપાર્જન અને સુખસુવિધાનો અવસર બ્રહ્મચર્ય અને ગૃહસ્થ આશ્રમોમાંથી મળે છે. આ ઋણથી મુક્ત થવાની સ્થિતિ વાનપ્રસ્થમાં જ પ્રાપ્ત થાય છે.

સમાજ સેવાની, લોકમાનસને ઉત્કૃષ્ટ બનાવવાની અને તેમાં વધારો કરવાની જવાબદારી વાનપ્રસ્થીઓની જ છે. તેઓ આર્થિક પુરસ્કાર મેળવ્યા વિના લોકહિતનાં કાર્યોમાં સમય આપી શકે છે. લોક સેવાને યોગ્ય અનુભવ પણ મળે છે અને વાળ સફેદ થઈ ગયા હોવાથી બીજા પર ઢળતી ઉંમરનો પ્રભાવ પણ પડે છે. મૃત્યુ નજીક હોવાથી ધર્મમાં સાચી રુચિ પણ પેદા થાય છે. તેથી જનકલ્યાણ માટે નિઃસ્વાર્થ લોકસેવાની પરમ પવિત્ર જવાબદારી વાનપ્રસ્થીઓના ખભા પર જ આવે છે. જે લોકો તેની ઉપેક્ષા કરે છે, તેને સમાજ સાથે વિશ્વાસઘાત કરનાર અથવા કર્તવ્યની અવહેલના કરનાર કાર્યહીન જ માનવામાં આવે છે.

જેણે સમાજનું ઋણ ચૂકવ્યું નથી, વાનપ્રસ્થનું કર્તવ્ય પૂરું કર્યું નથી તેઓ એકાંતની વાત વિચારવા લાગે તો તેમને ભાગેડુ સિપાઈઓની જેમ કાયર અને શાસ્ત્રમર્યાદાને તોડનાર ઉચ્છૃંખલ જ માનવામાં આવશે.



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## માનવ સમાજને પતિત થતો બચાવો

વ્યક્તિગત પૂજાપાઠમાં સમાજસેવાનો સમાવેશ નથી હોતો, પરંતુ સમાજસેવામાં, જનતા જનાર્દનની સેવા કરવામાં, વિશ્વવિરાટની આરાધના કરવામાં ભજન-પૂજનનો ભાવ સમાયેલો રહે છે. ભજન શબ્દ ભજ ધાતુ પરથી બન્યો છે. જેનો અર્થ સેવા જ થાય છે. જે ક્રિયામાં સેવાનો ભાવ સમાયેલો નથી તે નથી પૂજા કે નથી આરાધના. વાનપ્રસ્થ આશ્રમનું મૂળ પ્રયોજન પણ સમાજસેવા જ છે. વિષય વાસનાઓ તેમજ કૌટુંબિક જવાબદારીઓમાંથી મુક્ત થઈને જ કોઈ મનુષ્ય નિઃસ્વાર્થ ભાવથી સમાજસેવાના કાર્યક્રમોમાં યોગદાન આપી શકે છે. જો સમાજની રક્ષા કરનાર, સમાજને યોગ્ય દિશા બતાવનાર અને દુષ્પ્રવૃત્તિઓથી સાવધાન કરનાર અનુભવી વ્યક્તિ આગળ ન વધતી રહે તો નિશ્ચિતપણે માનવસમાજનું થોડાક જ સમયમાં ભયાનક રૂપે પતન થઈ જશે અને એ વખતે મનુષ્યની શું દશા થશે તેની કલ્પના પણ થઈ શકતી નથી. નિસ્પૃહ, નિઃસ્વાર્થ, નિષ્કામ, અનુભવી અને સંસ્કારી વ્યક્તિ જ સમાજની રક્ષા સારી રીતે કરી શકે છે અને એવા સાધુ પુરુષ વાનપ્રસ્થી જ હોઈ શકે છે.

## વાનપ્રસ્થીઓ દ્વારા સમાજ સેવાનું કાર્ય

(૧) ગામડાના નિવૃત્ત શિક્ષક બાળ સંસ્કાર શાળાનો પ્રારંભ કરે. ગામડાના બધા જ નિવૃત્ત અધ્યાપકોની એક ચર્ચાસભામાં તેમને પ્રેરણા આપવી જોઈએ. દરેક ગામમાં નિવૃત્ત શિક્ષકો ચોક્કસ મળી રહે છે. તેમને બ્રાહ્મણોચિત આજીવિકા માટે પેન્શન મળે છે. અત્યાર સુધી કરેલા શિક્ષણ કાર્યના બદલામાં વેતન લીધા કર્યું. હવે જીવનનો ઉત્તરાર્ધ લોકસેવા માટે ભગવાનના કાર્યમાં ઉપયોગમાં લેવો જોઈએ. આ શિક્ષકો મળીને એક બાલ સંસ્કાર શાળા શરૂ કરે. બધાં કુટુંબોમાં ભણેલા-ગણેલા માણસો નથી હોતા. જે ભણેલા ગણેલા છે તેવા લોકોને પણ શિક્ષણનો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનુભવ ન હોવાથી પોતાનાં બાળકોના શિક્ષણમાં કોઈ મદદ કરી શકતા નથી. પોતાની શેરી, કોલોની, ગામનાં નાનાં બાળકોને ઘરે ઘરે જઈને સંપર્ક કરીને સાંજે બે કલાક માટે બાળ સંસ્કાર શાળામાં બોલાવવામાં આવે. બધા શિક્ષકો ભેગા મળીને  તેમનું ગૃહકાર્ય પૂરું કરવામાં મદદ કરે, વિષય બાબતે જે મુશ્કેલીઓ હોય તેનું નિવારણ કરે અને તેમનામાં શિષ્ટાચાર, સહયોગ, સ્નેહ, સદ્ભાવ, પરિશ્રમ વગેરે અનેક સારા સંસ્કાર સીંચવાનો પ્રયાસ આચરણથી તેમ જ નાની કથાઓનાં માધ્યમથી કરતા રહે. મુખ્ય કાર્ય તો સારા સંસ્કારનું સિંચન કરવાનું જ છે. ગૃહકાર્ય પૂરું કરવાના લોભથી ખેંચાઈને વાલીઓ પોતાનાં બાળકોને ચોક્કસ મોકલશે. નિવૃત્ત શિક્ષકો માટે પોતાના સમયનો આથી વધુ સદુપયોગ બીજો શું હોઈ શકે ? આ સેવાની સામે સમાજમાં ખૂબ જ સન્માન અને સહયોગ મળશે. શારીરિક અસમર્થતાની સ્થિતિમાં ઉપકૃત સમાજ તમારી સેવા કરવામાં જરાય ઊણપ નહિ રાખે.

(૨) **યુવાશક્તિ સંગઠન** બનાવીને યુવકોને ગામમાં ગુંડાગીરી કરનારને દબાવીને રાખવાની તેમ જ નબળી વ્યક્તિઓની રક્ષા કરવાની જવાબદારી ઉઠાવવાની પ્રેરણા આપવી જોઈએ. યુવાનોએ એક સંગઠન બનાવવું જોઈએ. આ સંગઠનના સભ્યો બધી જ રીતે નિષ્ઠાવાન, ઈમાનદાર હોય, જેમના હૃદયમાં સમાજસેવાની સાચી ભાવના હોય, સંગઠનમાં નિયમિત વાર્તાલાપ થતો રહે. દરેક વાર્તાલાપમાં બધાએ યુગનિર્માણનો સંકલ્પ એક વખત પૂરી શ્રદ્ધાથી યાદ કરવો જોઈએ. આ સંગઠનનું કાર્ય, સમાજના નબળા વર્ગની સુરક્ષા ન્યાયના આધારે કરવાનું હોવું જોઈએ. જે વાનપ્રસ્થીઓ પોતાના પૂર્વજીવનમાં પ્રાણવાન, સંઘર્ષશીલ, ન્યાયપ્રિય રહ્યો હોય તેમણે પોતાના ક્ષેત્રમાં ગામેગામ આવાં સંગઠનોનું નિર્માણ કરવું જોઈએ.

(૩) **વાનપ્રસ્થી ચિકિત્સક** ગામેગામ ફરીને સ્વસ્થ રહેવાની કલા શીખવે. પ્રાકૃતિક જીવન, સ્વદેશી ચિકિત્સાની જાણકારી આપે. ચિકિત્સા



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શિબિરનું આયોજન કરે. અત્યાર સુધી રોગીઓ પાસેથી ફી લઈને ચિકિત્સા કરતા રહ્યા છો. હવે તમારી બધી જ કૌટુંબિક જવાબદારી પૂરી થઈ ગઈ છે. અત્યાર સુધીમાં કમાયેલા ધનના વ્યાજમાંથી તમારી બ્રાહ્મણોચિત જીવનનિર્વાહની વ્યવસ્થા થઈ શકે છે. આથી, હવે જીવનના ઉત્તરાર્ધમાં નિઃશુલ્ક ચિકિત્સા સલાહ આપીને, લોકસેવા એ જ ઈશ્વરસેવા છે એમ સમજીને પુણ્ય કમાવું જોઈએ.

(૪) વિદ્યાર્થી વર્ગને પ્રતિભા-સંવર્ધન, ભણવાની યોગ્ય પદ્ધતિ, યાદશક્તિ વધારવા માટેના ઉપાયો બતાવીને તેમને જ્ઞાનનો લાભ આપવો જોઈએ. જે વાનપ્રસ્થી પોતાના જીવનમાં સાધક રહ્યા હોય, યોગ-પ્રાણાયામમાં કુશળ હોય, તેઓએ શાળાઓમાં એક અઠવાડિયું નિયમિત શિક્ષણ આપીને વિદ્યાર્થીઓ માટે જીવનોપયોગી યોગ-પ્રાણાયામનું શિક્ષણ આપીને - પોતાનું જીવન સફળ બનાવી શકે છે. **પ્રતિભા-સંવર્ધનના** વૈજ્ઞાનિક ઉપાયોની વ્યાવહારિક તાલીમ આપીને નવી પેઢીને પ્રતિભાવાન બનાવવી જોઈએ.

(૫) **સ્વાસ્થ્ય ગોષ્ઠિ**માં સ્વસ્થ રહેવા માટે જરૂરી ઉપાયો અને સામાન્ય રોગોના સુરક્ષિત ઉપચારો બતાવો. સ્વાસ્થ્ય સંરક્ષણમાં જેમને રુચિ હોય તેવા વાનપ્રસ્થીઓ ગામેગામ સ્વાસ્થ્ય ગોષ્ઠિમાં સ્વચ્છતાનું મહત્ત્વ, સ્વચ્છ રહેવાની ટેવ પાડવી, સસ્તા અને પૌષ્ટિક સ્વાસ્થ્યપ્રદ ભોજનની જાણકારી સામાન્ય માણસોને આપે. સ્વસ્થ રહેવા માટે જે જે બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તેની જાણકારી આપે. બાળ ઉછેર તેમજ બાળજન્મ માટે સલાહ આપે. શિક્ષણનું મહત્ત્વ સમજાવી બધાં જ બાળકોને ભણાવવા માટે વાલીઓને પ્રેરણા આપે.

(૬) દાંપત્યજીવન, બાળજન્મ, વૃદ્ધોની સમસ્યા, તૂટી રહેલાં કુટુંબોની સમસ્યા ઉપર પરિવાર ખંડની પ્રજ્ઞાપુરાણ કથાના માધ્યમથી જનચેતના જગાવો. જે વાતોને સીધેસીધી કોઈને કહેવાથી વ્યક્તિ નારાજ થઈ શકે એમ હોય તો તેને કથાના માધ્યમથી તે વાત કહો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને દૃષ્ટાંતો સહિત વિવેચના કરીને સુસંસ્કારી કુટુંબ બનાવવા પર ભાર મૂકો.

(૭) કુટુંબમાં ઉપાસના, સાધના, આરાધનાનું મહત્ત્વ, આસ્તિકતા સંવર્ધન, સંસ્કાર પરંપરા, સામૂહિક પ્રાર્થના, કુટુંબમાં ચર્ચા વિચારણા વગેરે સ્વસ્થ પરંપરાઓની શરૂઆત કરાવો. બધા ધર્મોની વ્યક્તિઓને ઉપાસના કરવાની પ્રેરણા આપવામાં આવે અને તેમાં બધા માટે સદ્‌બુદ્ધિ અને બધા માટે ઉજ્જ્વળ ભવિષ્યની પ્રાર્થના અવશ્ય જોડવામાં આવે. એક સારો, ઈમાનદાર, વિશ્વસનીય મનુષ્ય બનવા અને પોતાને સંસારનો સર્વશ્રેષ્ઠ મનુષ્ય સમજીને તે પ્રમાણે આચરણ કરવાની પ્રેરણા આપવામાં આવે.

(૮) કુરિવાજ, વ્યસન, દૂરદર્શનના અનિચ્છનીય કાર્યક્રમનો વિરોધ, ફેશનપરસ્તી સામે લોક જાગૃતિ લાવીએ. કથા, સત્સંગ, પ્રવચનો તેમ જ સાહિત્યના માધ્યમથી સમાજમાં ફેલાયેલા કુરિવાજોની નિરર્થકતા તેમ જ નુકસાનોથી સામાન્ય લોકોને માહિતગાર કરવા જોઈએ. તમાકુ, શરાબ, જુગાર, સટ્ટો, ટી.વી., સિનેમા, ફેશન વગેરે દુર્વ્યસનોને દૂર કરવા માટે પ્રદર્શન, ચર્ચાસભા, શેરીનાટક, પ્રદર્શન, સાહિત્ય વગેરે માધ્યમોથી સમાજમાં અને ખાસ કરીને યુવા વર્ગમાં લોક ચેતના લાવવી જોઈએ.

(૯) બલિવૈશ્વ- અગ્નિહોત્રની જાણકારી ઘરેઘર આપો. સવારે સ્નાન કર્યા પછી સ્વચ્છતાપૂર્વક ભોજન તૈયાર કરો. મીઠા વગરની પહેલી રોટલીના ચણાની દાળ જેવડા પાંચ ટુકડા તોડીને ઘી-ખાંડ લગાવીને અગ્નિમાં ગાયત્રી મંત્ર બોલીને પાંચ આહુતિ સમર્પિત કરો. બધી મહિલાઓને આ વિધિ સમજાવીને દરરોજ કરવાની પ્રેરણા આપો. આ યજ્ઞને શ્રદ્ધાપૂર્વક કરવાથી અત્યંત લાભ થાય છે.

(૧૦) ગોસંવર્ધન, ગોપાલનનું મહત્ત્વ લોકો સુધી પહોંચાડો, ગાયના શરીરમાં સમસ્ત દેવતાઓનો વાસ છે. પંચગવ્ય (દૂધ, દહીં, ઘી,



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ગૌમૂત્ર, છાણનો રસ) ના દિવ્ય ગુણોની જાણકારી તેમ જ તેનો ઉપયોગ બધાને બતાવો. ગોપાલન કરવાની તેમ જ ગાયના દૂધનો પ્રયોગ કરવાની પ્રેરણા આપો. વિસ્તૃત જાણકારી 'જયતિ જય ગોમાતા' પુસ્તકમાંથી મેળવી શકો છો.

(૧૧) નિવૃત્ત કર્મચારીઓને એકઠા કરીને વાનપ્રસ્થી બનવાની પ્રેરણા આપો. નિવૃત્ત કર્મચારીઓને કોઈ મંદિર, આશ્રમ વગેરે જેવાં પવિત્ર સ્થળોએ આમંત્રિત કરો. આ પુસ્તકને વાંચીને મળેલા જ્ઞાનને પ્રવચનના માધ્યમથી તેમને સંભળાવો. બાકી રહેલા જીવનનો સદુપયોગ કરવા માટે લોકસેવાની જરૂરિયાત સમજાવીને માર્ગદર્શન આપો. તે પુસ્તક વાંચવાનો અનુરોધ કરો.

(૧૩) મહિલાઓને કુરિવાજો અને ફેશનપરસ્તીને નિર્મૂળ કરવાની તથા ભોજન બનાવવાની રીત સમજાવો. કુરિવાજોનું સંરક્ષણ કરવામાં મહિલાઓનું યોગદાન વધારે છે. ફેશનપરસ્તીમાં પણ મહિલાઓ પુરુષો કરતાં ઘણી આગળ છે. આથી તેમને તેને નિર્મૂળ કરવા માટે પ્રેરિત કરવાની જરૂર છે. આ કાર્યમાં મહિલાઓ જ પ્રયત્ન કરે તો વધારે સફળતા મળશે. રસોઈક્રાંતિની જરૂરિયાત મહિલાઓને સમજાવવી. સસ્તું, પૌષ્ટિક ભોજન કેવી રીતે મળે, બધાનાં સ્વાસ્થ્યને સારું રાખવા માટે યોગ્ય ભોજન કેવી રીતે તૈયાર કરાય. મસાલા, તેલયુક્ત પદાર્થો, મીઠાઈઓથી થતા નુકસાનની જાણકારી આપો. ભોજન તૈયાર કરવાની યોગ્ય પદ્ધતિથી માહિતગાર કરો.

(૧૩) દીવાલલેખન તેમ જ સ્ટીકર આંદોલન ચલાવવું. વાનપ્રસ્થીઓ માટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ કાર્ય એ છે કે જો તેમનું લેખન સારું હોય તો ગેરુ, ચિરોડી, પેઈન્ટ તથા બ્રશ લઈ લો. દીવાલો પર સદ્‌વાક્ય લખીને તેને પ્રેરણાપ્રદ બનાવો. ઘર, કાર્યાલય, વિદ્યાલય, મંદિર વગેરે સ્થાનો પર સદ્‌વાક્યોનાં સુંદર સ્ટીકર્સ ચોંટાડવાનું કાર્ય બહુ ઉપયોગી છે.સ્ટીકર્સ લઈને જો નીકળી જઈશું તો



Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેની સાથે સંપર્ક કરીશું તે થોડાંક સ્ટીકર્સ ચોક્કસ ખરીદી લેશે. આ ફક્ત વેચાણનું જ કામ નથી. સદ્‌વિચારોના પ્રસારમાં તમારું ઘણું મોટું યોગદાન હશે.

(૧૪) ઘરેઘર જ્ઞાનમંદિર તેમજ સામૂહિક જ્ઞાનમંદિરની સ્થાપના કરાવો. યુગનિર્માણ યોજના, ગાયત્રી તપોભૂમિ, મથુરાથી સાહિત્યના સેટ, વિવિધ વિષયોનાં પુસ્તકો તૈયાર કરાવીને ઘેર ઘેર જ્ઞાનમંદિરની સ્થાપનાનો આરંભ કરવો જોઈએ. દરેક ઘરમાં દેવમંદિરની સાથેસાથે જ્ઞાનમંદિર અવશ્ય હોવું જોઈએ. દરરોજ સ્વાધ્યાય એ જીવનનું અનિવાર્ય અંગ બની જવું જોઈએ. આની પ્રેરણા દરેક ઘરમાં આપીને સ્વાધ્યાય પરંપરા શરૂ કરાવવી જોઈએ. કોલોની, મહોલ્લાઓ અથવા ગામમાં સામૂહિક જ્ઞાનમંદિર (પુસ્તકાલય)ની સ્થાપના પણ બધાના સહયોગથી કરાવી શકાય છે, જ્યાં દરરોજ આવીને લોકો સ્વાધ્યાય કરી શકે, ઘેર લઈ જઈ વાંચીને પાછું આપી શકે, પૈસા આપીને ખરીદી પણ શકે.

(૧૫) યુગ નિર્માણ મિશનની પત્રિકાઓના સભ્ય બનાવો. યુગ નિર્માણ મિશનની પત્રિકાઓ દેશની લગભગ બધી જ ભાષાઓમાં પ્રકાશિત થાય છે. નિરંતર જ્ઞાન મેળવવા માટે આ પત્રિકાઓનો સ્વાધ્યાય કરવાની પ્રેરણા આપીને તેમને આના સભ્ય બનાવવા જોઈએ. પત્રિકાઓ વિશેની જાણકારી આ જ પુસ્તકમાં વિસ્તારપૂર્વક આપવામાં આવી છે.

(૧૬) સાચો યોગ્ય વાનપ્રસ્થી જો કોઈ ક્ષેત્રમાં મળે તો તેનો ગાયત્રી તપોભૂમિ સાથે સંપર્ક કરાવો.

મુદ્રક  યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Free Read/Download & Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya(Founder of All World Gayatri Pariwar) on all aspects of life in Hindi, Gujarati, English, Marathi & other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org